RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૪ | ગુરૂવાર, તા.૨૨-૦૧-૨૦૨૬ | અંક : ૨૦ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ડેડ ઈકોનોમીમાંથી અમેરિકાને મેં ઉગાર્યું : ડોનાલ્ડ ટ્રમ્પ

## દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક કોન્ફરન્સમાં અમેરિકાનો વિકાસ કર્યો હોવાનો ટ્રમ્પનો દાવો : ચીન અને યુરોપ ઉપર પણ પ્રહાર કર્યા

દાવોસ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં પહોંચ્યા છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં સંબોધન કરીને ડૉનાલ્ડ ટ્રમ્પે ચીન અને યુરોપ પર સવાલ ઉઠાવ્યા છે. સાથોસાથ પોતે અમેરિકામાં વિકાસ કર્યો હોવાના પણ દાવા કર્યા હતા. એટલું જ નહી, યુરોપ અને નાટો સહિતના દેશો ડૉનાલ્ડ ટ્રમ્પની નીતિનો વિરોધ કરી રહ્યા છે, પરંતુ યુરોપને લઈ કહ્યું હતું કે યુરોપ સાચી દિશામાં આગળ વધી રહ્યું નથી. અમેરિકામાં મોંઘવારી ઘટી છે, જ્યારે ઝડપથી વિકાસ પણ અમેરિકા કરી રહ્યું છે. મેં ડેડ ઈકોનોમીમાંથી અમેરિકાને બહાર કાઢ્યું હોવાનો પણ દાવો કર્યો હતો.

પોતાના સંબોધનમાં ગ્રીનલેન્ડનો ઉલ્લેખ કરીને ટ્રમ્પે કહ્યું છે કે, "ગ્રીનલેન્ડના લોકો માટે મારા દિલમાં ઘણી ઈજ્જત છે. અમે ડેનમાર્કને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ."



પોતાના સંબોધનમાં ડૉનાલ્ડ ટ્રમ્પે ચીન પર પણ નિશાન સાધ્યું હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે, ચીન ઘણો ચાલાક દેશ છે. તે યુરોપમાં ઘણી ચાલાકીથી પોતાનો સામાન વેચી રહ્યો છે.

ડૉનાલ્ડ ટ્રમ્પે યુરોપની ટીકા પણ કરી છે. યુરોપ અંગે ટ્રમ્પે જણાવ્યું છે કે, સાચું કહું તો, યુરોપનો કેટલોક ભાગ હવે ઓળખાય શકે તેમ નથી. અમે આ બાબતે ચર્ચા કરી શકીએ છીએ. પરંતુ કોઈ ચર્ચા નહી. હું કોઈનું અપમાન કરવા ઈચ્છતો નથી અને એવું કહેવા માંગતો નથી કે, હું તેને ઓળખતો નથી અને આ બાબત હકારાત્મક અર્થમાં નથી. આ ઘણા નકારાત્મક અર્થમાં છે. હું યુરોપને પ્રેમ કરૂં છું. અને યુરોપની પ્રગતિ જોવા માંગુ છું, પરંતુ આ તે સાચી દિશામાં આગળ વધી રહ્યું નથી.અમેરિકાના આર્થિક વિકાસ અંગે ડૉનાલ્ડ ટ્રમ્પે જણાવ્યુ કે, અમેરિકા આ દુનિયાનું આર્થિક એન્જિન છે, જ્યારે અમેરિકામાં આર્થિક ઉછાળો આવે છે, તો સમગ્ર વિશ્વમાં ઉછાળો આવે છે. આ ઈતિહાસ છે.

જ્યારે આર્થિક મંદી આવે છે, ત્યારે આ સૌ તેનું અનુસરણ કરીએ છે. આજે બપોરે, હું આ વાત પર ચર્ચા કરવા ઈચ્છું છું કે અમે આ આર્થિક ચમત્કાર કેવી રીતે કર્યો, અમે અમારા નાગરિકોના જીવનસ્તરને અભૂતપૂર્વ સ્તર સુધી કેવી રીતે લઈ જવાનો ઈરાદો રાખીએ છીએ અને તમે પણ અને તમારા વિસ્તારમાં પણ અમારા કાર્યોનું અનુસરણ કરીને વધુ સારું કરી શકો છો."

### હા હું સરમુખત્યાર છું

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની નીતિઓ અને આક્રમક અંદાજને કારણે હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ટ્રમ્પે એક એવું નિવેદન આપ્યું છે જેનાથી વૈશ્વિક સ્તરે ફરી ચર્ચાઓ જાગી છે. પોતાની ટીકાઓનો જવાબ આપતા ટ્રમ્પે સ્વીકાર્યું કે લોકો તેમને 'તાનાશાહ' ગણાવે છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમને સંબોધિત કર્યા બાદ ટ્રમ્પે તેમના ભાષણ પર મળેલી પ્રતિક્રિયાઓ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'મેં એક સારું ભાષણ આપ્યું અને મને તેના ખૂબ સારા રિવ્યૂ મળ્યા છે, જેનો મને પણ વિશ્વાસ નથી આવી રહ્યો.'તાના પર લાગતા સરમુખત્યારશાહીના આરોપો અંગે ખુલાસો કરતા ટ્રમ્પે કહ્યું કે, 'સામાન્ય રીતે લોકો કહે છે કે આ વ્યક્તિ એક ભયાનક તાનાશાહ જેવો છે. હા, હું એક તાનાશાહ છું, પરંતુ ક્યારેક તમારે એક સરમુખત્યારની જરૂર હોય છે.'ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે, તેમના નિર્ણયો કોઈ ચોક્કસ રૂઢિચુસ્ત કે ઉદારવાદી વિચારધારાથી પ્રેરિત હોતા નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે મારા ૯૫% નિર્ણયો માત્ર 'કોમન સેન્સ'(સામાન્ય બુદ્ધિ) પર આધારિત હોય છે અને વ્યવહારિકતા જ સૌથી મહત્ત્વની બાબત છે.



ભારતમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટેની તૈયારી શરૂ થઈ ગઈ છે. આ ઉજવણી અંતર્ગત ભારત રિમાઉન્ટ વેટરનરી કોર્પ્સ પ્રજાસત્તાક દિવસની પરેડ માટે રિહર્સલ દરમિયાન તેમના બેક્ટ્રીયન ઊંટોને ચાલવા લઈ જાય છે.

# અમદાવાદમાં સાંસદના ભત્રીજાએ પત્નિને ગોળી મારી પોતે પણ આત્મહત્યા કરી લીધી

## ગત મોડી રાત્રે થયેલા પારીવારીક ઝઘડામાં વાત વધી પડતા ક્લાસ વન અધિકારી ગુસ્સો કાબુ ન કરી શક્યા, બે માસ પૂર્વે જ લગ્ન થયા હતા






અમદાવાદ,તા.૨૨

અમદાવાદના જજીસ બંગલો રોડ પર આવેલા દ્વઈૈ ટાવરમાં મોડી રાત્રો એક હત્યા બાદ આપઘાતની ઘટના બની હતી, જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલના સગા ભત્રીજા અને ગુજરાત મેરિટાઈમ બોર્ડના ક્લાસ-૧ અધિકારી યશરાજસિંહ ગોહિલે પોતાની પત્નીની ગોળી મારી હત્યા કરી પોતે પણ જીવન ટૂંકાવ્યું છે. માત્ર બે મહિના અગાઉ જ લગ્નગ્રંથિથી જોડાયેલા આ નવદંપતી વચ્ચે થયેલી તકરારે લોહિયાળ વળાંક આવ્યાનું અનુમાન છે. બનાવના પગલે ભારે ચકચાર મચી ગઈ છે.

આ બનાવની પ્રાથમિક વિગતો સામે આવી છે તે મુજબ દંપતી વચ્ચે કોઈ અગમ્ય કારણોસર ઝઘડો થયો હતો, જે ઉગ્ર બનતા યશરાજસિંહે પત્ની પર ફાયરિંગ કર્યું હતું. આશ્ચર્યજનક રીતેપત્નીને ગોળી માર્યા બાદ તેમણે પોતે જ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને જાણ કરી હતી અને ત્યારબાદ પોતાની રિવોલ્વરથી માથામાં ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. હાલમાં દ્વઈૈ ટાવર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી અનુસાર, મૂળ ભાવનગરના યશરાજ ગોહિલ અને તેમના પત્ની રાજેશ્વરી ગોહિલ દ્વઈૈ ટાવરમાં નિવાસ કરતા હતા. ગત મોડી રાત્રે કોઈ અગમ્ય કારણોસર દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વકર્યો કે આવેશમાં આવીને યશરાજે પોતાની પાસે રહેલા હથિયાર વડે પત્ની રાજેશ્વરી પર ફાયરિંગ કર્યું હતું. ગોળી વાગતાની સાથે જ રાજેશ્વરી લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યા હતા. પત્નીને જમીન પર ઢળેલી જોઈ ગભરાયેલા યશરાજે તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી પરંતુ તબીબોએ તપાસી રાજેશ્વરીબાને મૃત જાહેર કર્યા હતા જ્યારે ૧૦૮નો સ્ટાફ કાર્યવાહી પૂર્ણ કરી ઘરની બહાર નીકળ્યો, તે જ ક્ષણે યશરાજે પણ તે જ હથિયાર વડે પોતાના માથે ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી.

હાલમાં વસ્ત્રાપુર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી, ગુનો નોંધીને ઝઘડા પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. બનાવના પગલે ભારે શોક સાથે ગમગીની ફેલાઈ છે.

# ભારતીય શેરબજારમાં ફરી તેજીનો માહોલ : બજાર ખુલતાની સાથે સેન્સેક્સમાં ૮૦૦ અંકનો વધારો

## ભારત અને અમેરિકા વચ્ચે હકારાત્મક વ્યાપાર કરાર અને વૈશ્વિક અનુકૂળ પરિબળોના પગલે શેરબજાર ફરી તેજી તરફ

મુંબઈ,

ભારતીય શેરબજારમાં આજે ખુલતાની સાથે જ તેજીનો માહોલ જોવા મળ્યો હતો.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અંગેના સકારાત્મક નિવેદન બાદ બજારમાં મંદી પર બ્રેક લાગી ગઈ. સપ્તાહના ચોથા કારોબારી દિવસે બીએસસી સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટના જોરદાર ઉછાળા સાથે ખુલ્યો, જ્યારે એનએસઈ નિફ્ટીએ પણ તોફાની છલાંગ લગાવી હતી.

શેરબજારમાં આજે તેજી સાથે કારોબારની શરૂઆત થઈ. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શેરોવાળો સેન્સેક્સ તેના પાછલા બંધ ૮૧,૯૦૯ની સરખામણીમાં ૮૨,૪૫૯ પર ખુલ્યો અને જોતજોતામાં ૮૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨,૭૧૪ના સ્તરે પહોંચી ગયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ તેના પાછલા બંધ ૨૫,૧૫૭ની સરખામણીમાં ખુલતાની સાથે જ ૨૫૦ પોઈન્ટ ચઢીને ૨૫,૪૧૨ પર પહોંચી ગયો.તેજી પાછળનું મુખ્ય કારણ




સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નિવેદન છે. તેમણે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું, પીએમ નરેન્દ્ર મોદી પ્રત્યે મારા મનમાં ખૂબ જ સન્માન છે, તે એક ઉત્તમ વ્યક્તિ અને મારા મિત્ર છે. અમારી વચ્ચે એક શ્રેષ્ઠ ટ્રેડ ડીલ થવા જઈ રહી છે.

ટ્રમ્પના નિવેદન ઉપરાંત, વિદેશી બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતોએ પણ બજારને ટેકો આપ્યો. આ પહેલા બુધવારે અમેરિકી શેરબજાર તેજી સાથે બંધ થયું હતું. ડાઉ જોન્સ ૫૮૮ પોઈન્ટ અને જીશ્ર ૭૯ પોઈન્ટના વધારા સાથે બંધ થયા હતા. ગુરુવારે એશિયન બજારો પણ ગ્રીન ઝોનમાં ખુલ્યા હતા. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ લગભગ ૧૦૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ટ્રેડ કરી રહ્યો હતો.

ટ્રમ્પના નિવેદનની હકારાત્મક અસર એટલી જોરદાર હતી કે બજાર ખુલતાની સાથે જ મ્જીઈ લાર્જકેપના લગભગ તમામ ૩૦ શેર તેજીમાં જોવા મળ્યા.

# દેશના અનેક રાજ્યોમાં વરસાદની હવામાન વિભાગની આગાહી

## દેશના કેટલાક ભાગોમાં વરસાદ અને ભારે પવન ફૂંકાવાની વકી

નવી દિલ્હી

ભારે ઠંડી અને ત્યારબાદ દિવસના તાપમાનમાં વધારા પછી, હવામાન વિભાગ એ આજથી ઘણા રાજ્યોમાં હવામાનમાં ફેરફારની આગાહી કરી છે. કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે, અને અન્ય વિસ્તારોમાં તેજ પવન અને વીજળી પડવાની શક્યતા છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં કરા પડવાની પણ શક્યતા છે.

પ્રાદેશિક હવામાન કેન્દ્ર અનુસાર, આગામી સક્રિય પશ્ચિમી વિક્ષેપના પ્રભાવને કારણે, ૨૨ જાન્યુઆરીની મોડી સાંજે અથવા રાત્રે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં વરસાદ શરૂ થવાની ધારણા છે. હવામાનશાસ્ત્રી અતુલ કુમાર સિંહે જણાવ્યું હતું કે ૨૩ જાન્યુઆરીએ પૂર્વી ઉત્તર પ્રદેશમાં વ્યાપક વરસાદની અપેક્ષા છે. ૨૪ જાન્યુઆરીએ વરસાદમાં ઘટાડો થયા પછી, ૨૫ જાન્યુઆરીએ હવામાન શુષ્ક થવાની ધારણા છે.

રાષ્ટ્રીય હવામાન કેન્દ્ર અનુસાર, ૨૨ અને ૨૩ જાન્યુઆરીએ જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશમાં વરસાદની આગાહી છે. આવતીકાલે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબમાં પણ વરસાદની આગાહી છે. હવામાન વિભાગનું કહેવું છે કે આજે અને કાલે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ૫૦-૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

ઉત્તરપશ્ચિમ ભારતમાં દિવસનું તાપમાન વધવાનું ચાલુ રહેવાની ધારણા છે. જોકે, વરસાદ અને ખરાબ હવામાનને કારણે આગામી બે દિવસમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે અને બે દિવસ પછી ફરી વધારો થશે. મહારાષ્ટ્રમાં પણ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે.

૨૩ જાન્યુઆરી સુધી પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં ધુમ્મસ અને ધુમ્મસ રહેશે. પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં તેમજ



બિહાર અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ ધુમ્મસ છવાયું રહેશેહવામાન વિભાગે ૨૩ જાન્યુઆરીએ ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષાની ચેતવણી જારી કરી છે. આને ધ્યાનમાં રાખીને, સરકારે તમામ અમલીકરણ એજન્સીઓને એલર્ટ રહેવાનો નિર્દેશ આપ્યો છે.

# અમદાવાદમાં ક્રેશ થયેલ વિમાનમાં મોટી ખામીઓ હોવાનો અમેરિકન એવિયેશન સેફ્ટી ગ્રૂપનો દાવો

## અમેરિકન સેફ્ટી ગ્રુપે અમેરિકાની સંસદમાં રજૂ કરેલ રિપોર્ટમાં બોઈંગ ૭૮૭ અગાઉથી જ ટેકનિકલ સહિતની ખામીઓ હોવાનો ઉલ્લેખ

વોશિંગ્ટન

ગુજરાતના અમદાવાદમાં ગત ૧૨ જૂનના રોજ થયેલી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના મહિનાઓ બાદ, અમેરિકાના એક એવિએશન સેફ્ટી ગ્રુપે દુર્ઘટનાના સંભવિત કારણો અંગે એક સનસનીખેજ રિપોર્ટ રજૂ કર્યો છે. ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટી નામના આ જૂથે દાવો કર્યો છે કે, દુર્ઘટનાગ્રસ્ત થયેલું બોઈંગ ૭૮૭ વિમાન ક્રેશ થતાં પહેલાં પણ ઘણી વખત ગંભીર ટેકનિકલ ખામીઓનો સામનો કરી ચૂક્યું હતું.

ફાઉન્ડેશન ફોર એવિએશન સેફ્ટીએ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ અમેરિકન સંસદમાં એક રિપોર્ટ જમા કરાવ્યો છે. હ્લછજીએ પોતાની તપાસમાં શોધી કાઢ્યું કે એર ઈન્ડિયાનો હિસ્સો બન્યા બાદથી જ આ વિમાનમાં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી હતી. વિમાનમાં એન્જિનિયરિંગ, ગુણવત્તા અને જાળવણીમાં નોંધપાત્ર ખામીઓ હતી. રિપોર્ટમાં ઈલેક્ટ્રોનિક, સોફ્ટવેર, વારંવાર સર્કિટ બ્રેકર્સનું ટ્રીપ થવું, ખરાબ વાયરિંગ, શોર્ટ સર્કિટ, વીજળી પુરવઠામાં ઘટાડો અને પાવર સિસ્ટમ ગરમ થવા જેવી અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ ગંભીર દાવાઓ પર બોઈંગે પ્રતિક્રિયા આપી છે. બોઈંગના પ્રવક્તાએ જણાવ્યું કે, "અમે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના પ્રોટોકોલનું પાલન કરીએ છીએ. ભારતમાં થયેલી વિમાન દુર્ઘટનામાં વિમાન દુર્ઘટના તપાસ બ્યુરોનો જે પણ નિર્ણય હશે, અમે તેનું પાલન કરીશું." જોકે, એર ઈન્ડિયાએ આ સમગ્ર મામલે મૌન સેવ્યું છે. ઉલ્લેખનીય છે કે, છછૈંમ્એ પોતાના પ્રારંભિક રિપોર્ટમાં ફ્યુઅલ સ્વિચ બંધ થવાને કારણે પ્લેન ક્રેશ થયું હોવાના સંકેત આપ્યા હતા.

હ્લછજીએ પોતાના રિપોર્ટમાં એવો પણ દાવો કર્યો છે કે બોઈંગ ૭૮૭ પ્રોગ્રામ તેના નિર્ધારિત સમય કરતાં ૩ વર્ષ પાછળ ચાલી રહ્યો છે અને તેનું બજેટ અબજો ડોલર વધી ગયું છે.

# નિવૃત્તિને આડે પાંચ વર્ષ કે ઓછો સમય બાકી હોય તેવા શિક્ષકોને ટેટમાંથી મુક્તિ

## શિક્ષણ વિભાગનો રાજ્યભરના શિક્ષકો માટે ટેટ સંબંધે મહત્વનો અને સ્પષ્ટ નિર્ણય

ગાંધીનગર,

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે રાજ્યભરના શિક્ષકો માટે ટેટ સંબંધે મહત્વનો અને સ્પષ્ટ નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે જાહેર કર્યું છે કે જે શિક્ષકોની નિવૃત્તિમાં હવે પાંચ વર્ષ કે તેથી ઓછો સમય બાકી છે, તેવા વરિષ્ઠ શિક્ષકોને ટેટ પરીક્ષા પાસ કરવાની ફરજમાંથી મુક્તિ આપવામાં આવશે. આ નિર્ણયને કારણે રાજ્યના શિક્ષણ ક્ષેત્રમાં લાંબા સમયથી ચાલતી ચર્ચાઓને પૂર્ણવિરામ મળ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા અગાઉ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી તમામ શિક્ષકો માટે ટેટ ફરજિયાત કરવાની દિશામાં પગલાં લેવામાં આવ્યા હતા. આ નિર્ણય અંતર્ગત વર્ષ ૨૦૧૧ પહેલાં ભરતી થયેલા તેમજ ૨૦૧૧ પછી ભરતી થયા હોવા છતાં હજુ સુધી ટેટ પાસ ન કરનાર શિક્ષકોની વિગતવાર માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ માટે જિલ્લાવાર અને શાળાવાર ડેટા માંગવામાં આવતા શિક્ષણ જગતમાં અસંતોષ અને ચિંતા ફેલાઈ હતી.

આ મામલે ખાસ કરીને નિવૃત્તિ નજીક આવેલા વરિષ્ઠ શિક્ષકો માટે આ નિર્ણય પડકારરૂપ બન્યો હતો. ઘણા શિક્ષકો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે લાંબા સમયની સેવા અને અનુભવ હોવા છતાં, ઉંમરના આ તબક્કે સ્પર્ધાત્મક પરીક્ષા આપવી માનસિક અને શારીરિક રીતે મુશ્કેલ બની શકે છે. આ રજૂઆતોને ધ્યાને લઈને શિક્ષણ વિભાગે વરિષ્ઠ શિક્ષકોને ટેટમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે શિક્ષકોની નિવૃત્તિ હવે પાંચ વર્ષ કે તેથી ઓછા સમયગાળામાં નિશ્ચિત છે, તેમને ટેટ પરીક્ષા આપવાની ફરજ રહેશે નહીં. જોકે, નિવૃત્તિ માટે વધુ સમય બાકી હોય તેવા શિક્ષકો માટે ટેટ અંગે સરકાર આગામી સમયમાં સ્પષ્ટ નીતિ અથવા માર્ગદર્શિકા જાહેર કરી શકે છે. આ માટે બિન-ટેટ પાસ શિક્ષકોની અલગ-અલગ યાદીઓ તૈયાર કરવામાં આવી રહી છે. આ આંકડાકીય માહિતીના આધારે સરકાર શિક્ષણ ક્ષેત્રમાં લાંબા ગાળાની સુધારણા માટે નવા નિર્ણયો લઈ શકે છે.

# સાઈબર ઠગાઈની એક વર્ષમાં ૬૬૫૮ ઓનલાઈન ફરિયાદ : પોલીસે ૧.૮૦ કરોડની રકમ પરત અપાવી

## બેક્િંગ સમન્વય દ્વારા ટ્રાન્ઝેક્શન ઝડપથી ફ્રીઝ કરવામાં આવતા રિફંડ શક્ય બન્યું

ગાંધીનગર

સાઈબર ક્રાઈમ પોલીસે ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષમાં સાયબર ઠગોથી ઠગાયેલા લોકોને અંદાજે ?૧.૮૦ કરોડની રકમ સફળતાપૂર્વક પરત અપાવી છે. ગાંધીનગરમાં સાયબર ગુનાઓના વધતા ખતરા વચ્ચે આ મોટી સિદ્ધિ મળી છે, જ્યાં રાષ્ટ્રીય ટોલ-ફ્રી હેલ્પલાઈન ૧૯૩૦ મારફતે ગયા વર્ષે ૬,૬૫૮થી વધુ ફરિયાદો મળી હતી. આમાંથી મોટા ભાગના ફરિયાદીઓ લાંબી કાનૂની પ્રક્રિયાથી બચવા માટે રકમ પરત મળવાનું પ્રાધાન્ય આપતા હતા, જેના કારણે માત્ર ૫૦ કેસોમાં એફઆઈઆર નોંધાઈ, ગાંધીનગર સાયબર પોલીસ સ્ટેશનમાં ૧૭ એફઆઈઆર દાખલ થઈ. બેક્િંગ સમન્વય દ્વારા ટ્રાન્ઝેક્શન ઝડપથી ફ્રીઝ કરવામાં આવતા રિફંડ શક્ય બન્યું, ખાસ કરીને ડિજિટલ અરેસ્ટ અને રોકાણ



સંબંધિત ઠગાઈના કેસોમાં. વૃદ્ધ પીડિતો ઘણીવાર ખોટી પેન્શન વધારાની કે જમા યોજનાઓમાં ફસાઈ જાય છે. પોલીસે અનેક નકલી વેબસાઈટ્સ બંધ કરી છે. જેમ જેમ એઆઈનો ઉપયોગ વધી રહ્યો છે, તેમ ઠગો પણ નવા રસ્તા શોધી રહ્યા છે. અગાઉ ભાષાની ભૂલો અને પેટર્ન જોઈને કહી શકાય તેમ હતું કે ઈમેલ બેંકનું છે કે અન્ય ક્યાંકનું, પરંતુ હવે ઠગો એઆઈનો ઉપયોગ કરીને ફિશિંગ વેબસાઈટ્સને હુબહુ બનાવે છે, જેના કારણે ફરક કરવો મુશ્કેલ બને છે અને લોકો ફસાઈ જાય છે. અમે સતત લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, જેથી ફ્રોડ થવા પહેલા જ તેને રોકી શકાય.। રવિ તેજા વાસમસેટ્ટી, એસપી- ગાંધીનગર

સાયબર ઠગોની બીજી મુખ્ય પેટર્ન વૃદ્ધોને નિશાન બનાવવાની છે, જેમની પાસે પેન્શન અથવા મોટી જમા રકમ હોય છે અને ટેકનોલોજીની ઓછી જાણકારી હોવાને કારણે તેઓ સહેલાઈથી ફસાઈ જાય છે. ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની આગેવાની હેઠળ રાજ્યવ્યાપી કાર્યવાહી કરવામાં આવી, જેમાં આંતરરાષ્ટ્રીય 'સાયબર સ્લેવરી' રેકેટના માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવી. સ્થાનિક કેસોમાં ગાંધીનગરના એક વૃદ્ધ નાગરિક સાથે ડિજિટલ અરેસ્ટ દ્વારા ૧૯ કરોડની ઠગાઈ થઈ, જ્યારે ૬૬ વર્ષીય એક વ્યક્તિએ ઝડપી હેલ્પલાઈન મદદથી ૩૫ લાખ પરત મેળવ્યા.

# ગુજરાતમાં વાઘના સંરક્ષણ માટે સ્થાનિકોને તાલીમ અપાશે

## સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં ઈકો ટુરિઝમને વેગ આપવા સાથે વિઝીટર્સ પોલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવા સૂચના અપાઈ

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની ૨૬મી બેઠક મળી હતી. જેમાં બનાસકાંઠાના જેસોર રીંછ અભયારણ્યનો રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સમાવેશ સહિતમાં મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ઈકો ટુરિઝમને વેગ આપવા સાથે વિઝીટર્સ પોલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવાના દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા. તેમજ વાઘ સંરક્ષણ માટે સ્થાનિકોને તાલીમ આપવામાં આવશે. તેમજ ગુજરાતમાં દીપડાઓની વધતી જતી સંખ્યા અને રેસ્ક્યુ થયેલા દીપડા સહિતના દીપડાઓ માટે અભયારણ્યનું સ્થળ નજીકના ભવિષ્યમાં સુનિશ્ચિત કરવાના આયોજનની પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલી વિગતોમાં રતનમહાલ અભયારણ્યમાં વાઘની હાજરી જોવા મળી છે અને ત્યાં તે સ્થાયી થવાની પૂરી સંભાવનાઓ છે.

# પંચાયતોની પડતર મિલકતો બનશે આવકનું નવું સાધન: રાજ્ય સરકારની તૈયારી

## રાજ્યના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ પાસે મિલકતોની સંપૂર્ણ વિગતો મંગાવવામાં આવી

ગાંધીનગર,

રાજ્યની જિલ્લા તથા તાલુકા પંચાયતોને આર્થિક રીતે વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે પંચાયત વિભાગે મોટો પગલું ભર્યું છે. પંચાયત હસ્તકની પડતર જમીન, બિનવપરાશી મકાનો અને લાંબા સમયથી ઉપયોગ વિના પડેલી મિલકતોના સદુપયોગથી આવક ઊભી કરવાની દિશામાં સરકાર દ્વારા વિશેષ અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. આ સંદર્ભે રાજ્યભરના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ) અને તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ) પાસે આવી મિલકતોની સંપૂર્ણ વિગતો તાત્કાલિક ધોરણે મંગાવવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ અનેક તાલુકા અને જિલ્લા પંચાયતો પાસે એવી કિંમતી જમીનો છે, જે વર્ષોથી નિષ્ક્રિય હાલતમાં પડી છે. ક્યાંક જૂના મકાનો જર્જરિત બન્યા છે તો ક્યાંક મોકાની જગ્યાઓ દબાણનો ભોગ બની રહી છે. આવી મિલકતોમાંથી પંચાયતોને કોઈ આવક મળતી નથી, ઉપરથી તેની જાળવણી પાછળ ખર્ચ થતો રહે છે. આ સ્થિતિ બદલવા માટે સરકાર હવે લોકભાગીદારી અને જાહેર–ખાનગી ભાગીદારી મોડલ અપનાવવા તરફ આગળ વધી રહી છે. યોજનાના ભાગરૂપે પડતર જગ્યાઓ પર શોપિંગ સેન્ટર, કોમર્શિયલ કોમ્પ્લેક્સ, પાર્કિંગ સુવિધા કે અન્ય આવકદાયક પ્રોજેક્ટ વિકસાવવાની સંભાવનાઓ ચકાસવામાં આવશે. જો આ પ્રોજેક્ટો અમલમાં આવે તો પંચાયતોને ભાડા સ્વરૂપે સ્થિર આવક મળશે અને સ્થાનિક રોજગારી તથા જાહેર સુવિધાઓમાં પણ વધારો થશે.

# સુરત બ્લુ ડ્રગ્સ કેસમાં માસ્ટરમાઈન્ડ જનક જાગાણી સામે લુકઆઉટ નોટિસની તૈયારી

સુરત,

સુરતના કુખ્યાત બ્લુ ડ્રગ્સ કેસમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કડક કાર્યવાહી કરી છે. પોલીસે હવે સમગ્ર રેકેટના માસ્ટરમાઈન્ડ માનવામાં આવતા જનક વિઠ્ઠલ જાગાણી સામે લુકઆઉટ નોટિસ જારી કરવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. જનક હાલમાં લંડનમાં છે.

જનક જાગાણીસુરતના અમરોલી છાપરાભાઠા વિસ્તારનો વતની છે.તેના પિતા પરિવારનું ગુજરાન ચલાવવા માટે હીરાના કારખાનામાં મજૂર તરીકે કામ કરે છે. મધ્યમ વર્ગના હીરા કામદારનો પુત્ર હોવા છતાં, જનક ડ્રગના વેપારમાં કેવી રીતે સામેલ થયો તે તપાસનો વિષય છે. જનક લગભગ દોઢ વર્ષ પહેલા ઉચ્ચ અભ્યાસના બહાને વિદ્યાર્થી વિઝા પર લંડન ગયો હતો, પરંતુ એવું બહાર આવ્યું છે કે તેણે સુરતમાં ડ્રગ (હ્રૌમ્પ્રિજ) નેટવર્ક ચલાવવાનું શરૂ કર્યું હતું.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે બ્રિજેશ છેલ્લા બે મહિનામાં જનકના આદેશ પર દવાઓ બનાવવા માટે મોડી રાત્રે પાંચથી વધુ વખત લેબની મુલાકાત લીધી હતી. આ નેટવર્ક દ્વારા સુરતમાં સપ્લાય કરાયેલા ડ્રગ્સના જથ્થા વિશે માહિતી એકઠી કરવામાં આવી રહી છે.

# કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૩૨ લાખથી વધુ ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૯૪૬૬ કરોડથી વધુ સહાય ચૂકવાઈ

## જમીન સુધારણા અંગે ૩૧ હજારથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૧૦૪ કરોડથી લધુની સહાયની ચૂકવાઈ

ગાંધીનગર,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ કૃષિ રાહત પેકેજની પ્રગતિની સમીક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે, કૃષિ રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૩૨ લાખથી વધુ ખેડૂતોના કુલ રૂ. ૯,૫૧૬ કરોડના ઓનલાઈન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૩૨.૪૯ લાખ ખેડૂતોને કુલ રૂ.



૯,૪૬૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

આ બાબતે વિગતો માહિતી આપતાં પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, ઓક્ટોબર ૨૦૨૫માં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૩૩ જિલ્લાઓમાંથી ૩૦,૦૬,૮૬૫ લાભાર્થીના રૂ. ૮,૬૧૦ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨૯,૯૩,૬૮૯ ખેડૂતોને કુલ રૂ. ૮,૫૭૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં થયેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત પાંચ જિલ્લાઓમાંથી ૨,૩૪,૩૮૬ લાભાર્થીના કુલ રૂ. ૭૯૨ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨,૩૩,૭૭૭ ખેડૂતોને કુલ રૂ. ૭૯૧.૧૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. જમીન સુધારણા અંગે માહિતી આપતાં પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતુ કે, આ અંગે કુલ ૪૧,૭૭૭ ખેડૂતોની અરજી મળી હતી.

# બોગસ લાઈસન્સ કેસમાં આરટીઓના પાંચ કર્મચારીને ક્રાઈમ બ્રાન્ચનું તેડું

ગાંધીનગર

સોમવારે મોડી રાત્રે અમદાવાદ સિટી ક્રાઈમ બ્રાન્ચે ગાંધીનગરની પ્રાદેશિક પરિવહન કચેરી (આરટીઓ)ના પાંચથી છ કર્મચારીઓ, જેમાં કેટલાક અધિકારીઓ પણ સામેલ છે, તેમની પૂછપરછ કરી હતી. કર્મચારીઓને ૨૦૨૩ના એક કેસ સંદર્ભે સ્ટેટમેન્ટ આપવા બોલાવવામાં આવ્યા હતા, જેમાં આર્મી ક્વોટાના નામે નકલી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવામાં આવ્યા હતા. હાલ સુધી કોઈની સત્તાવાર ધરપકડ કરવામાં આવી નથી, પરંતુ અધિકારીઓની સ્થળ પર જ પૂછપરછ કરવામાં આવી છે. તપાસ દરમિયાન જમ્મુ-કાશ્મીરના રહેવાસીઓને લાઈસન્સ ટ્રાન્સફર કરવાના કિસ્સાઓ અને ડિજિટલ વૉલેટ મારફતે થયેલી ચુકવણીના ટ્રેસ મળ્યા છે.

આ તપાસ ૨૦૨૩માં સામે આવેલા મોટા ગોટાળાનો આગળનો તબક્કો છે. તે સમયે અમદાવાદ અને ગાંધીનગર આરટીઓ






કચેરીમાંથી આર્મીના દસ્તાવેજોના ઉપયોગથી ૧ હજારથી વધુ નકલી ડ્રાઈવિંગ લાઈસન્સ જારી કરાયા હતા. આ કૌભાંડનો પુણે ખાતેની આર્મી ઈન્ટેલિજન્સે પર્દાફાશ કર્યો હતો. આ કેસમાં ગાંધીનગરના સંતોષ ચૌહાણ (૪૭) અને ચાંદખેડાના ધવલ રાવત (૨૩)ની એજન્ટ તરીકે ધરપકડ કરવામાં આવી હતી. આરોપ છે કે તેમણે ડિફેન્સ ડ્રાઈવિંગ બુક, સર્વિસ સર્ટિફિકેટ અને એનઓસી નકલી બનાવી, દરેક લાઈસન્સ માટે રૂ. ૬,૦૦૦થી ૮,૦૦૦ વસૂલ્યા હતા. આ લાઈસન્સ જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા અને અનંતનાગમાં મોકલવામાં આવ્યા હતા. ૨૦૨૬માં આ કેસની ફરી તપાસ નવી માહિતી અને ટિપ્સના આધારે શરૂ કરવામાં આવી છે, જેમાં અગાઉ ધરપકડ ન થયેલા સાથીદારોની સંડોવણી અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર પ્રકરણએ આરટીઓ સિસ્ટમની નબળાઈઓને ઉજાગર કરી છે, જેના કારણે ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત કરવાની માંગ ઉઠી છે.

# દેશભરના વેપારીઓને નકલી સોનું પધરાવતા બિહારના બંટી-બબલી વડોદરાથી ઝડપાયા

## બંને આરોપી સામે ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી

વડોદરા

દેશમાં સોનાના ભાવ દિવસેને દિવસે આસમાને પહોંચી રહ્યા છે તો બીજી તરફ ગઠિયાઓ સોની બજારમાં સક્રિય થયા છે. છેલ્લા કેટલાક સમયથી ઓછા વજનનું સોનું આપીને સોની વેપારીઓ સાથે લાખોની ઠગાઈ કરતી બિહારની બંટી-બબલી ગેંગ આખરે વડોદરાથી ઝડપાઈ હતી. જૂનાગઢ પોલીસે આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. આ બંટી-બબલી વેપારી પાસેથી અસલી સોનાના દાગીના માંડીને તેમને સોનાનું વરખ ચડાવેલા પંચધાતુના દાગીના પધરાવી દેતું





હતું. બંને આરોપી સામે ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી.

જેમાં બિહારના રહેવાસી ધર્મેન્દ્ર શાહુ ઉ.૪૮ અને કિરણદેવી સંજયભાઈ યાદવ ઉ.૪૧ હોવાનું તપાસમાં ખુલાસો થયો હતો અને આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસના એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતું હતું. ચાર દિવસ પહેલા જૂનાગઢ અને કેશોદના વેપારીઓએ આ અંગે એસપીને કરેલી રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ જૂનાગઢ શહેર અને જિલ્લામાં સોની વેપારીને ટાર્ગેટ કરતી આ ગેંગની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભોગ બનનારાઓની પૂછપરછ અને નિવેદનો લઈને આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

જેમાંથી આરોપીઓના નંબર મળ્યા હતા અને પ્રથમ દુકાનમાં પ્રવેશ કર્યો હોય તે સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા હતા. ટેકનિકલ અને સર્વેલન્સ સોર્સના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમને માહિતી મળી હતી કે, આ બંને મહિલા અને પુરુષ વડોદરા તરફ જઈ રહ્યા છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને વડોદરા તરફ રવાના કરી અને ત્યાંથી આ બંટી-બબલી મળી આવ્યા હતા. આરોપી ધર્મેન્દ્ર શાહુ અને કિરણદેવી સંજયભાઈ યાદવની ધરપકડ કરીને કેશોદ પોલીસને સોંપવામાં આવ્યા છે. આ બંને શખ્સોએ જૂનાગઢ, કેશોદ, જેતપુર સહિતના અનેક શહેરોમાં આવી રીતે ઠગાઈ કરી હોવાનું બહાર આવ્યું છે.

# અમદાવાદમાં પાલતું કૂતરાનું રજીસ્ટ્રેશન નહી કરાવનાર માલિક વિરુદ્ધ થશે પોલીસ કેસ

## રખડતા કૂતરાની સાથોસાથ પાલતું કૂતરાની ફરિયાદમાં વધારો થતા લેવાયો નિર્ણય

અમદાવાદ,

અમદાવાદમાં રખડતા કૂતરાંની સાથે પાલતુ કૂતરાંને લઈને ફરિયાદો વધતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં પાલતુ કૂતરાં રાખવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજિસ્ટ્રેશન નહીં કરાવનારા માલિકોને પાલતુ કૂતરુ પકડાય તેવા કિસ્સામા પ્રથમ વખત રુપિયા વીસ હજાર, બીજી વખત પકડાય તો રુપિયા પચાસ હજાર સુધીની પેનલ્ટી કરવા એક સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર બનાવી સ્ટેન્ડિંગ કમિટીની મંજુરી મેળવાશે.પાલતુ કૂતરાંના રજિસ્ટ્રેશનથી લઈ અન્ય બાબતોનુ યોગ્ય પાલન નહી કરનારા કૂતરાંના માલિક સામે પોલીસ ફરિયાદ નોંધાવવા પણ કવાયત શરુ કરવામા આવી છે.

જાન્યુઆરી-૨૫થી કોર્પોરેશન તરફથી પાલતુ કૂતરાં રાખવા માટે રજિસ્ટ્રેશન કરાવવુ ફરજિયાત બનાવામા આવ્યુ છે. પ્રતિ પાલતુ



કૂતરાં દીઠ રજિસ્ટ્રેશન ફીમાં પણ વધારો કરી રુપિયા બે હજાર કરવામા આવી છે. આમ છતાં અત્યારસુધીમાં ૧૯ હજારથી વધુ પાલતુ કૂતરાંનુ રજિસ્ટ્રેશન તેના માલિકો દ્વારા કરાવવામા આવ્યુ ચે.બુધવારે મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામા મળેલી વીકલી રિવ્યુ બેઠકમાં તેમણે એસ.ઓ.પી.બનાવવા સુચના આપી હતી.શહેરના વિવિધ વિસ્તારમાં રોડની કામગીરી ધીમી ગતિથી ચાલી રહી છે.

# જામનગર એસઆઈઆરની કામગીરીમાં ભાજપના ઈસારે ગોટાળા, કોંગ્રેસ દ્વારા ધરણા યોજી આવેદન





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં એસઆઈઆર કામગીરીમાં ગેરરીતિના ધગધગતા આરોપ સાથે કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જામનગર શહેર કોંગ્રેસ દ્વારા લગાવાયેલા આરોપ મુજબ એસઆઈઆર મુજબ ચાલી રહેલી કામગીરી એટલે કે ફોર્મ નંબર ૬/૭/૮ની પ્રક્રિયા મા જે ગોટાળા ભાજપના ઈસારામાં કરવાંમાં આવે છે. તેવા આરોપ સાથે કામગીરીના વિરોધમાં કલેક્ટર ઓફિસ ખાતે ધરાણા કરાયા હતા.જામનગર શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ દિગુભા જાડેજા અને જામ્યુકોના વિપક્ષી નેતા ધવલ નંદા ની આગેવાનીમાં ધરણા કરાયા હતા. એસઆઈઆરની પ્રક્રિયામાં કથિત ગોટાળા વડે મતદારોનાં નામ કમી કરવાનાં આરોપ લગાવાયા છે.

# દ્વારકા નજીક દેશી દારૂના ૫૬૦ લીટરના જથ્થા સાથે કાર ચાલક ઝડપાયો

## કાર સહિત ૬.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે : બે શખ્સની સંડોવણી ખુલી



દ્વારકા : દ્વારકા - પોરબંદર હાઈવે પરથી સ્થાનિક પોલીસે બાતમીના આધારે મોટરકારમાંથી દેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લઈ દેશી દારૂ તથા મોટરકાર સહિત કુલમળી રૂપિયા ૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે અન્ય બે શખ્સની સંડોવણી ખુલતા બન્નેને ફરાર જાહેર કરી તમામ વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા -પોરબંદર હાઈવે પર દ્વારકા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી હતી દરમિયાન આ માર્ગ પરથી મોટરકાર પસાર થતી હોય તેને અટકાવી તલાસી લેતા તેમાંથી રૂપિયા ૧.૧૨ લાખની કિંમતનો ૫૬૦ લીટર દેશી દારૂ મળી આવતા કિસન દેવાભાઈ મકવાણા નામના ચાલકની અટકાયત કરી દેશી દારૂ ઉપરાંત રૂપિયા ૫ લાખની કિંમતની મોટરકાર સહિત કુલમળી રૂપિયા ૬.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે દેવદાસ ભાઈ ગઢવી અને અમરાભાઈ કરમણભાઈ હુણ નામના બે શખ્સની સંડોવણી ખુલતા આ બન્નેને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ખિજડિયા પક્ષી અભ્યારણ્ય ખાતે એક દિવસીય બર્ડ વોચિંગ અને નેચર સ્ટડી કેમ્પ

જામનગર : જામનગર સ્થિત લાખોટા નેચર ક્લબ (LNC) એક પ્રકૃતિ સંરક્ષણ સંસ્થા દ્વારા આગામી તારીખે રવિવાર, ૧ ફેબ્રુઆરીના રોજ ખિજડિયા પક્ષી અભ્યારણ્ય, જામનગર ખાતે એક દિવસીય ‘‘બર્ડ વોચિંગ અને નેચર સ્ટડી કેમ્પ’’ નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ, યુવાનો અને પ્રકૃતિપ્રેમીઓમાં પક્ષી સંરક્ષણ, જૈવ વૈવિધ્ય અને પ્રાકૃતિક પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવાનો છે. આ દરમિયાન ભાગ લેનારાઓને વિવિધ પ્રકારના સ્થળાંતર પક્ષીઓ, સ્થાનિક પક્ષીઓ, આદ્ર પ્રદેશની પરિસ્થિતિ, તેમજ પક્ષીઓના રહેણાંક અને વર્તન વિશે માર્ગદર્શકો દ્વારા માહિતગાર કરવામાં આવશે. આ એક દિવસીય કેમ્પમાં બ્રેકફાસ્ટ, વન વિભાગની એન્ટ્રી ફી તથા માર્ગદર્શક આપવામાં આવનાર છે, ઈચ્છુક ભાગ લેનારાઓ માટે રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૫/૧ રાખવામાં આવી છે. વધુ માહિતી તથા નોંધણી માટે નીચેના નંબર પર સંપર્ક કરી શકાય છે : ૯૧ ૯૦૩૩૫ ૫૦૩૪૧, ૯૧ ૭૫૭૪૮ ૪૦૧૯૯

# સલાયામાં આજથી માછીમારી કરવાની કાર્યવાહી ઠપ્પ

## બોટના લાઈસન્સ રિન્યુ કરવા તેમજ નવા કાયદામાં રાહત આપવા કરાઈ માંગ



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયા બંદર ઉપર બુધવારે સાંજના સમયે માછીમારોની એક મિટિંગ યોજાઈ હતી. જેમાં સરકાર દ્વારા મત્સ્ય ઉદ્યોગના લાવેલ નવા કાયદા બાબતે રાહત આપવા માંગ કરાઈ હતી.તેમજ બોટોના લાઈસન્સ રિન્યુ કરવામાં આવતા નથી તે પણ તુરંત ચાલુ કરવા માંગ કરાઈ હતી. તેમજ અન્ય પ્રશ્નો બાબતે પણ આ મિટિંગમાં ચર્ચા થઈ હતી.

આ બાબતે ઘણી વાર રજૂઆત કરવા છતાં પણ આ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવેલ ન હોય માછીમાર સમાજ દ્વારા ફિશીગ બંધ કરી વિરોધ નોંધાવવામા આવશે એવું નક્કી થયેલ છે.

આજથી એટલે કે ગુરુવારથી ફિશિંગમાં નવી બોટો જસે નહી તેવું દરેક માછીમારોએ સ્વેચ્છાએ નક્કી કરેલ છે. આ મિટિંગમાં મોટી સંખ્યામાં માછીમારો જોડાયા હતા. આગળ પ્રશ્નો નહી ઉકેલાય તો ગાંધી ચિંધ્યા માર્ગે હજુ વધુ આંદોલન કરશે તેવું પણ જાણવા મળેલ છે.

સલાયામાંથી મોટા પ્રમાણમાં જુદાજુદા રાજ્યોમાં આ સી ફૂડ સપ્લાઈ કરવામાં આવે છે. જેનું ટન ઓવર કરોડો રૂપિયાનું છે. જો લાંબો સમય આ માછીમારી બંધ રહે તો ખૂબ મોટા પ્રમાણમાં આર્થિક નુકશાન જઈ શકે છે. જેની સીધી અસર માછીમારોના પરિવાર, વેપારીઓ તેમજ દેશના આર્થિક વિકાસમાં પડી શકે છે. તો આ પ્રશ્નો બાબતે યોગ્ય નિરાકરણ થાય તેવું સૌ કોઈ ઈચ્છી રહ્યું છે.

# જામનગર ન્યૂઝ પેપર ડીલર્સ વેલફેર એસા. દ્વારા પ્રવાસનું આયોજન

જામનગર : જામનગર ન્યૂઝ પેપર ડીલર્સ એસો. દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ એસો.ના સભ્યો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે જામનગરથી વીરપુર-ગોંડલ, ખોડલધામ-રાજકોટમાં રામસેતુ રામવન, રાજકોટમાં સંગ્રહાલય, અટલ સરોવરના સ્થળોની મુલાકાતનું આયોજન છે. જે વિતરક ભાઈઓ આ પ્રવાસમાં જોડાવા માંગતા હોય તેમણે તેમના નામ પ્રવિણભાઈ ગજરા (૯૮૨૪૪ ૫૭૮૮૭), દિવ્યેશભાઈ (૯૩૭૬૮ ૩૩૯૭૫), દિનેશભાઈ સોઢા (૯૫૧૨૧ ૪૮૫૦૬), સુરેશભાઈ (૯૬૬૨૬ ૯૬૨૭૮)ને નામ નોંધાવી દેવા જણાવાયું છે.

આ પ્રવાસ એસો.ના સભ્યો માટે તદ્દન નિઃશુલ્ક છે. પ્રવાસ દરમિયાન બે વખત જમવાનું, બે ટાઈમ નાસ્તો અને ચા-પાણી આપવામાં આવશે. આ પ્રવાસની બસ તા. ૨૭-૧-૨૦૨૬ના સવારે ૬ વાગ્યે કે.વી. રોડ, કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરેથી ઉપડશે.

# જામનગર ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસો. દ્વારા બહાદુરભાઈ કોઠારી કપ ટુર્નામેન્ટનું આયોજન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અને જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે સ્વ. બહાદુરભાઈ કોઠારી (વિનયચંદ્ર કોઠારી)ની સ્મૃતિમાં બહાદુરભાઈ કોઠારી કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટુર્નામેન્ટની વિગતો આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં જામનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ના પ્રમુખ અજયભાઈ સ્વાદિયા તથા પી.ડી. ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટ બોયઝમાં અંડર-૧૨, અંડર-૧૪, અંડર-૧૬, અંડર-૧૯ અને સિનિયર તેમજ ગર્લ્સની કેટેગરી સહિત છ કેટેગરીમાં યોજાશે.

દરેક મેચ ૨૦-૨૦ ઓવરના રહેશે. ક્રિકેટ બંગલાના મેદાન પર સોમ-મંગળ સિવાયના દિવસોએ દરરોજ બે મેચો રમાશે. આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ લાલ દડા અને વ્હાઈટ યુનિફોર્મ સાથે મેચો રમાડવામાં આવશે, અને બાળકોની દરેક કટેગરીમાં સ્પર્ધા નોક આઉટ પદ્ધતિથી વિજેતા નક્કી થશે, જ્યારે ગર્લ્સ કેટેગરીના મેચો લીગ પદ્ધતિથી રમાડશે.

દરેક કેટેગરીની વિજેતા ટીમને ચેમ્પિયન ટ્રોફી તથા રોકડ પુરસ્કાર આપવામાં આવશે. તેમજ સારૂ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવશે.

પૂર્વ કોર્પોરેટર વિનુભાઈ ધ્રુવ તથા પૂર્વ રણજી ખેલાડી કશ્યપભાઈ મહેતાએ સ્વ. બહાદુરભાઈ કોઠારીના જામનગરના ક્રિકેટ માટે આપેલા બહુમૂલ્ય યોગદાનને યાદ કરી વધુને વધુ ટીમોને આ ટુર્નામેન્ટમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. જામનગરના સિનિયર કોચ મહેન્દ્રસિંહ ચૌહાણના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. સંચાલન અને આભાર દર્શન પી.ડી. ત્રિવેદીએ કર્યું હતું.

# દરેડ અને ધ્રોલના નાના વાગુદડ ગામની સગીરાનું બે શખ્સોએ કર્યું અપહરણ

જામનગર : જામનગર નજીકના દરેડ અને ધ્રોલના નાના વાગુદડ ગામની બે સગીરાનું લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી લઈ ગયાની સગીરાના વાલીઓ દ્વારા બે શખ્સ સામે ફરિયાદ નોંધાવતા સ્થાનિક પોલીસે બન્ને બનાવ અંગે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના દરેડ ખાતે રહેતી એક સગીરાનું સિક્કા પાટિયા પાસે રહેતો જીલુ મનજીભાઈ માથાસુરીયા નામનો શખ્સ માધવબાગ વિસ્તારમાંથી સગીરાને લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયાની સગીરાના માતાએ સીટી સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ ઉપરાંત ધ્રોલ તાલુકાના નાના વાગુદડ ગામે વાડી વિસ્તારમાં રહેતી સગીરાનું રાકેશ રાજુભાઈ માવી નામનો શખ્સ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયાની પોલીસમાં સગીરાના પિતા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આ બન્ને બનાવ અંગે ગુન્હો દાખલ કરી શખ્શોને પકડી પાડવા કવાયત હાથ ધરી છે.

# તપોવન ફાઉન્ડેશન દ્વારા સ્વર્ગવાસ પામેલ ૨૭ વડીલોના મોક્ષાર્થે ભાગવત્ સપ્તાહનું આયોજન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરના અલીયાબાડાના પાટીયા પાસે આવેલ તપોવન ફાઉન્ડેશન ૭ વર્ષની સફળ પૂર્ણ કરી ૮માં વર્ષમાં પ્રવેશતાના ભાગરૂપે વડીલ વાત્સલ્યધામમાં ગત ૭ વર્ષમાં સ્વંગવાસ પામેલ સંસ્થાના ૨૭ વડીલોના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન તા. ૨૬ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી સવારે ૯ થી ૧ દરમિયાન કરાયું છે. કથા વ્યાસાસને સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્યામભાઈ ઠાકર બિરાજી કથાનું રસપાન કરાવશે.

તપોવન ફાઉન્ડેશન સંચાલિત માતૃ ઈચ્છાગૌરી છોટાલાલ જાની વડીલ વાત્સલ્યધામ સાત વર્ષની સફર પૂર્ણ કર્યુ છે. ફાઉન્ડર રાજેનભાઈ જાની, પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી, પરેશભાઈ જાની અને કાર્યકર્તાઓના સહયોગથી આ સંસ્થા સામાજિક સમભાવનું પ્રતિક બની છે. આ સંસ્થામાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર જે વડીલો પાસે સતાનનું સુખ નથી તેઓને ભકિત અને સન્માનથી રાખવામાં આવે છે.

આ સંસ્થામાં ૭ વર્ષમાં નિવાસ કરતા ૨૭ વડીલો દેવલોક પામ્યા છે તેમના મોક્ષ માટે વિધિ કરનાર કોઈ પરીવારન નથી તેવા વડીલોના પરીવાર બની તપોવન ફાઉન્ડેશન દ્વારા તા. ૨૬ જાન્યુઆરીથી તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે અને કથા શ્રવણ કરનાર દરેક ભક્તો માટે દરરોજ બપોરે ૧ વાગ્યે પ્રસાદનું પણ આયોજન કરાયું છે.

તા. ૨૬ને સોમવારે સવારે ૧૦ વાગ્યે પોથીયાત્રા, તા. ૨૯ના બપોરે ૧૧:૩૦ વાગ્યે શ્રીરામ જન્મોત્સવ, તા. ૨૯ને ગુરૂવારના બપોરે ૧૨:૩૦ વાગ્યે શ્રીકૃષ્ણ જન્મોત્સવ તા. ૩૦ના બપોરે ૧૨:૩૦ વાગ્યે ગોવર્ધન ઉત્સવ અને તા. ૩૧ના બપોરે ૧૨:૩૦ વાગ્યે શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ યોજાશે. કથા દરમિયાન પ.પૂ. રમેશભાઈ ઓઝા, પ.પૂ. મહંત દેવપ્રસાદજી મહારાજ, પ.પૂ. આચાર્ય ૧૦૮ કૃષ્ણમણીજી મહારાજ, મહંત પીર યોગી શેરનાથજી બાપુ, પૂ.પા. ગૌ. વલ્લભરાયજી મહોદય તેમજ શાસ્ત્રી ચતુર્ભુજદાસજી સ્વામી સહિતના મહાનુભાવો અને જુદા-જુદા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે તો જામનગર સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને આ કથાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળીયા આઈ.ટી.આઈ. ખાતે આવતીકાલે ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન

ખંભાળિયા : જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દેવભૂમિ દ્વારકા દ્વારા આવતીકાલ તા.૨૩-૧ના રોજ સવારે ૧૦ કલાકે ખંભાળીયા આઈ.ટી.આઈ. ખાતે નોકરીદાતાઓ તથા રોજગાર વાચ્છુ વચ્ચે સેતુરૂપ ઔદ્યોગિક ભરતી મેળો યોજાશે.

આ ઔદ્યોગિક ભરતી મેળામાં ખાનગી કંપનીના નોકરીદાતાઓને ખાલી જગ્યાઓ માટે માનવબળની જરૂરીયાત હોય જે અંતર્ગત ઈચ્છા ધરાવતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવા જિલ્લા રોજગાર કચેરીની યાદીમાં જણાવાયું છે. જોબફેરમાં જુદી-જુદી કંપનીઓના નોકરીદાતાઓ ઉપસ્થિત રહેશે અને આ માટે એસ.એસ.સી., એચ.એસ.સી. પ્લસ કોમ્પ્યુટર નોલેજ, આઈટીઆઈ - ફીટર, વેલ્ડર, ઈલેકટ્રીશ્યન, કારપેન્ટર, પ્લમ્બર અને મશીન ઓપરેટર જેવી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મશીન ઓપરેટર અને કોમ્પ્યુટર ઓપરેટર જેવી જગ્યાઓ માટે જોબફેરનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક ઓપન જોબફેર હોય, કોલ લેટર ન મળેલ હોય તેવા અથવા રોજગાર કચેરીમા નામ નોંધણી ન કરાવેલ હોય તેવા ઉમેદવારો પણ સ્વખર્ચે આ જોબફેરમાં હાજર રહી શકશે તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

# રઘુવંશી યુવા ફાઉન્ડેશન દ્વારા વિરદાદા જશરજના શૌર્ય દિવસ નિમિત્તે પૂજનવિધિ

જામનગર : હિન્દુ હૃદય સમ્રાટ તથા રઘુકુળ ભૂષણ લોહરગઢના મહારાણા શ્રી વીરદાદા જશરાજજીની ૯૬૭મી પુણ્યતિથિ (શૌર્યદિન) ૨૩મી જાન્યુઆરીને શુક્રવાર (વસંત પંચમી) ના રોજ છે. જે અંતર્ગત સમસ્ત રઘુવંશી સમાજ માટે શ્રી વીરદાદા જશરાજ રઘુવંશી યુવા ફાઉન્ડેશન-જામનગર દ્વારા શ્રી વીરદાદા જશરાજજીની પૂજનવિધિ તા. ૨૩-૧-૨૬ના સવારે ૯ કલાકે શ્રી રામ મંદિર, લોહાણા મહાજન વાડી, પંચેશ્વર ટાવર, જામનગરમાં રાખવામાં આવેલ છે. આ પૂજનવિધિમાં લોહાણા મહાજનના હોદ્દેદારો, સમાજના વિવિધ સંગઠનના હોદ્દેદારો સહિત સમગ્ર રઘુવંશી સમાજને પરિવાર સાથે જોડાઈને લાભાન્વિત થવા અને સમયસર પધારવા સંસ્થાના પ્રમુખ ભરત કાનાબારે અનુરોધ કર્યો છે.

# ધ્રોલ-ખારવા નજીક આહિર સમાજની વાડીમાં આવતીકાલે ૧૨માં સમૂહ લગ્નોત્સવ યોજાશે

## વસંતપંચમીના શુભ દિવસે ૧૬ નવયુગલો મંગલ ફેરા ફરશે : ૧૦ હજારથી વધુ મેદની ઉમટશે

ધ્રોલ : ધ્રોલ સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી હંમેશા શૌર્ય, સામાજિક એકતા અને પરોપકારની સાક્ષી રહી છે. આ પરંપરાને વધુ ઉજ્જવળ બનાવવાના ઉમદા હેતુ સાથે જામનગર જિલ્લાના ધ્રોલ મુકામે શ્રી મુરલીધર સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આહિર સમાજ સેવા સમિતિ દ્વારા ૧૨માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવારના રોજ વસંતપંચમીના પવિત્ર દિવસે ૧૬ નવયુગલો મંગલ ફેરા ફરીને સંસાર જીવનના પવિત્ર પથના પથીક બનશે.

વર્તમાન સમયમાં જ્યારે લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓ વધતા જાય છે, ત્યારે ધ્રોલ આહિર સમાજે આ ભવ્ય આયોજન દ્વારા સમાજને સાદગી અને એકતાનો પ્રેરણાદાયી રાહ ચીંધ્યો છે. સંવત ૨૦૮૨, મહા સુદ-૫ એટલે કે વસંતપંચમીના શુભ મુહૂર્તે યોજાનાર આ મંગલ પ્રસંગે નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે આહિર સમાજના રાજકીય આગેવાનો, ભામાશાઓ અને સમસ્ત આહિર સમાજના ભાઈઓ-બહેનો સહિત આશરે ૧૦ હજાર જેટલી જનમેદની ઉમટી પડશે.

આ લગ્નોત્સવને યાદગાર બનાવવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વેરવા ગામની પ્રખ્યાત રાસ મંડળી દ્વારા શૌર્યસભર રાસની રમઝટ બોલાવવામાં આવશે. આ સાથે જ, માતુશ્રી રામબાઈમાં કન્યા છાત્રાલય-ધ્રોલની બાળાઓ દ્વારા સંસ્કાર અને શિક્ષણનો સંદેશ આપતા રાસ રજૂ કરવામાં આવશે. સમગ્ર લગ્ન વિધિ આચાર્ય શ્રી ભટ્ટ નયનકુમાર મુકુદરાય દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરાવવામાં આવશે.

કાર્યક્રમની રૂપરેખા તા. ૨૩-૧ના રોજ ઉત્સવની શરૂઆત વહેલી સવારે ૬ કલાકે મંડપ રોપણથી થશે. ત્યારબાદ ૬:૩૦ કલાકે ગણેશ સ્થાપના અને જાનનું ભવ્ય આગમન થશે. સવારે ૮ કલાકે ગૃહ શાંતિની વિધિ અને આ મહોત્સવની સૌથી મહત્વની ક્ષણ એટલે કે ’હસ્ત મેળાપ’ સવારે ૧૦:૩૦ કલાકે યોજાશે. લગ્ન વિધિ બાદ સવારે ૧૧ કલાકે સન્માન સમારંભ અને ૧૧:૩૦ કલાકે સત્કાર સમારંભ યોજાશે. અંતે બપોરે ૧૨:૩૦ કલાકે ભવ્ય મહાપ્રસાદ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે.

# ખંભાળીયા નગરપાલીકા એ-ગ્રેડની બનતા નવા સિમાંકન સાથે નવ વોર્ડની થશે રચના

ખંભાળિયા : ખંભાળીયા નગરપાલીકાનો થોડા સમય પૂર્વે સી-ગ્રેડમાંથી અપગ્રેડેશન સાથે એ કેટેગરીમાં સમાવેશ કરાતા અને નવા ગામો નગરપાલીકાની હદમાં આવતાં હવે ખંભાળીયા નગરપાલીકા સાત વોર્ડમાંથી નવ વોર્ડની બની છે.

ખંભાળીયા નગરપાલીકાનો સી-ગ્રેડમાંથી એ-ગ્રેડમાં સમાવેશ કરાતા નવી વોર્ડ રચના તથા નવા સીમાંકન સાથે હવે સાત વોર્ડના ૨૮ સભ્યોને બદલે નવ વોર્ડના ૩૬ સભ્યોની બની જશે. આ ૩૬ પૈકી ૧૨ બેઠકો અનામત રહેનાર છે. ખંભાળીયા નગાપાલીકાની નવી વોર્ડ રચના તથા નવા સિમાંકન તથા નવી બેઠકો અનામત, બીનઅનામતની જાહેરાત ગઈકાલે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી છે.

ખંભાળીયા નગરપાલીકાના વોર્ડ નં.૧ માં કુલ ૬૭૩૮ મતદારો, વોર્ડ નં. ૨ માં ૬૬૧૯ મતદારો, વોર્ડ નં. ૩ માં ૬૫કર મતદારો, વોર્ડ નં. ૪ માં ૫૭૫૪ મતદારો, વોર્ડ નં. ૫ માં ૫૯૦૫ મતદારો, વોર્ડ નં. ૬ માં ૬૪૫૧ મતદારો, વોર્ડ ન. ૭ માં ૫૯૦૯ મતદારો, વોર્ડ નં. ૮ માં ૬૨૫૪ અને વોર્ડ નં. ૯ માં ૬૩૯૦ મતદારો છે. કુલ નવ વોર્ડની બનેલી ખંભાળીયા નગરપાલીકામાં આગામી ચૂંટણીમાં ૩૬ સદસ્યો માટે ચૂંટણી થશે. ખંભાળીયા નગરપાલીકાના નવા વોર્ડ અને સિમાંકન માટેનું જાહેરનામું ગઈકાલે રાજ્ય ચૂંટણી સચિવ આર.જી. ગોહેલ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું.

# જામનગરમાં આજે કતલખાના બંધ રાખવા જામ્યુકોની તાકીદ

જામનગર : જામનગરમાં કતલખાના ચલાવતા ધંધાર્થીઓને મહાનગર પાલિકા દ્વારા જાણ કરવામાં આવી છે કે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવાલય, ગાંધીનગરના પત્રના અનુસંધાને આજ તા.૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ધામ ખાતે શ્રી રામ મંદિર પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ થતા હોય તે નિમિતે તા.૨૨/૧/૨૬ અને ગુરુવારના રોજ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા તમામ કતલખાના બંધ રાખવા સરકાર તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે. જે અનુસંધાને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ કતલખાના બંધ રાખવા તથા આ દિવસ દરમ્યાન પશુઓની કતલ નહી કરવા અનુરોધ કરવામાં આવે છે.

# જામનગરની ગાયત્રી શક્તિપીઠ ખાતે બોર્ડના વિધાર્થીઓ માટે મહાયજ્ઞનું આયોજન

જામનગર : ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ કરેલી મહેનત સાર્થક અને તેવા કુખ ભાવથી તા. ૧-૨-૨૦૨૬ના ગાયત્રી શક્તિપીઠમાં ૧૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન સવારે ૮ થી ૧૨ સુધી કરવામાં આવ્યું છે.

નિઃશુલ્ક સંપન થનારા આમાં જોડાનારવિદ્યાર્થીને કુમકુમથી સ્વાગત કરી. શુભેચ્છારૂપે પેન, પુસ્તક અર્પણ કરી મોઢુ મીઠુ કરાવાશે અને વિદ્યાર્થીઓના હસ્તે ગાયત્રી, સરસ્વતી, ગણેશજી, ગુરૂજી, સૂર્યનારાયણ તથા મહામૃત્યુંજય મંત્રાની આકૃતિ આપવામાં આવશે. પહેલી પાળી ૮ થી ૯, બીજી પાળી ૯ થી ૧૦, ત્રીજી પાખી ૧૦ થી ૧૧ અને ચોથી પાળી ૧૧ થી ૧૨ એમ ચાર પાળીમાં કાર્ય ગોઠવાશે. વિદ્યાર્થીઓ પોતાને અનુકૂળ નામ નોંધાવી શકશે.આ યજ્ઞમાં જોડાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૩૦-૧-૨૦૨૬ સુધીમાં સવારે ૯થી ૧૨ અને સાંજે ૪ થી ૮ દરમિયાન ગાયત્રી શક્તિપીઠમાં પોતાના નામ નોંધાવી શકશે. દરેક પાળીના કેળવણીકાર દ્વારા પાંચ મિનિટનું પ્રેરણાત્મક પ્રવચન-આપવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# ઓનલાઈન વ્યવહાર કરતાં પહેલાં સાયબર ઠગોથી ચેતીને ચાલજો

બેન્કિંગ ક્ષેત્રમાં ટેકનોલોજીના આગમન સાથે નાણાંકીય છેતરપિંડીના કિસ્સા પણ વધી રહ્યા છે. ડિજિટલ પેમેન્ટ કરવાનું સરળ બન્યું છે તે સાથે લોકોને પટાવી તેમની મહત્વની માહિતી મેળવી તેમને ઓનલાઇન ચૂનો લગાવવાનો ધંધો પણ ફૂલ્યો ફાલ્યો છે. જે ઝડપે ટેકનોલોજી આગળ વધી રહી છે તે ઝડપે લોકોની જાણકારી અને સજ્જતામાં વધારો થઇ રહ્યો નથી. વળી ટેકનોલોજી કંપનીઓ દ્વારા બધી જ વિગતો માંગી લેવાની રસમ અને ગ્રાહકોને બધી જ વિગતો આપી દેવાની ફરજ પડાવાને કારણે એક પ્રકારની તરકટી વ્યવસ્થા ઉભી થઇ છે જેમાં બાપડો ગ્રાહક નાહક વધેરાઇ જાય છે. કંપનીઓને ગ્રાહકોની વિગતો વેચી નાણાં રળવામાં રસ હોય છે તો સાયબર ઠગોને આ માહિતીને આધારે માણસોના નાણાં ચાંઉ કરી જવામાં રસ હોય છે. ટૂંકમાં કહીએ તો ગ્રાહકે હવે જાતે તેની પ્રાઇવસી જાળવવાનો જમાનો આવ્યો છે. જો તમે ઓનલાઇન વ્યવહારો કરતાં હો તો કોઇને પણ મહત્વની માહિતી આપી કે તમારા નાણાં જોખમમાંઆવી પડયા સમજો. આજકાલ સાયબર ગઠિયા વિવિધ પ્રકારની તરકીબો વાપરી તમારા નાણાં પડાવી લેવા તૈયાર જ બેઠાં હોય છે. આવા સંજોગોમાં આપણે શું સાવચેતી રાખવી તે પણ સમજી લેવું પડે.



એટીએમ મશીનઃ

આજ સુધી આપણે જેને સૌથી સલામત રસ્તો માનતા હતા તે એટીએમ કાર્ડમાં પણ તમે ધ્યાન ન રાખો તો તમારી સાથે છેતરપિંડીનું કારણ બની શકે છે. સાયબર ઠગો એટીએમ કાર્ડના ડેટા ચોરી તેના આધારે તમારાં તમામ નાણાં ચાંઉ કરી શકે છે. એટીએમ કાર્ડમાંથી ડેટા તફડાવવા માટે સાયબર ઠગો એટીએમ મશીનોમાં સ્કિમિંગ ડિવાઇસ લગાવતાં થઇ ગયા છે. આવા એટીએમમાં તમે ગાફેલ રહી વ્યવહાર કરો એટલે તમારો ડેટા અને પછી તમારાં નાણાં પણ સાયબર ઠગોના હાથમાં પહોંચી જાય છે. તમારો ડેટા હાથમાં આવી ગયા બાદ ગઠિયાઓ ક્લોન કાર્ડ બનાવી તેનો ઉપયોગ કરી તમને જાણ થાય તે પહેલાં તમારા નાણાં પડાવી લે છે. કોઇપણ એટીએમનો ઉપયોગ કરો ત્યારે તેમાં કોઇ પ્રકારના ઉપકરણો જોડેલાં ન હોય તે ચકાસી લેવું આપના હિતમાં છે. શરૂઆતમાં સુરક્ષા ચોકિયાતો એટીએમ મશીન પર તહેનાત કરાતાં હતા. પણ હવે એટીએમ મશીનો રામભરોસે રેઢાં પડયા હોય છે અને તોફાની તત્વો તો આખેઆખાં એટીએમ મશીનો જ તફડાવવા માંડયા છે.

**કરંટ ટૉપિક**

અજાણી લિન્ક્સ, સ્ક્રિન શેરીંગ એપ અને ઓટીપી સાથે સંકળાયેલાં જોખમો :

ઓનલાઇન નાણાંકીય વ્યવહાર કરવા માટે જેટલા રસ્તા ઉપલબ્ધ હોય તે તમામ અપનાવતાં પહેલાં તમારે તેની સાથે સંકળાયેલાં જોખમો પણ જાણી લેવા જોઇએ. જે સરળતાથી તેમાં નાણાંકીય વ્યવહાર થાય છે તે જ સરળતાથી તેમાં નાણાંકીય છેતરપિંડી પણ આચરવામાં આવે છે. ઘણીવાર જ્યારે સ્માર્ટ ફોન વાપરતાં ન આવડતો હોય અને વિવિધ પ્રકારની વિગતો માંગવામાં આવતી હોય ત્યારે સાયબર ઠગો ગ્રાહકોને સહાય કરવાના બહાને બીજાશહેરોમાં જ બેઠાં બેઠાં તેમના મોબાઇલ ફોનમાં સ્ક્રિન શેરિંગ એપ નાંખી તેમના મોબાઇલ ફોનનો કબજો મેળવી લેતાં હોય છે. મોબાઇલનો કબજો મળે કે તરત ઠગો તેમાં રહેલી નાણાંકીય વિગતો મેળવી તેના દ્વારા તમારી વતી નાણાંકીય વ્યવહારો કરી તમારાં નાણાંની ઉચાપત કરી લે છે. ઘણીવાર ગ્રાહકને અજાણી લિન્ક મોકલી તેના પર ક્લિક કરવા જણાવાય છે. આમ કદી ન કરવું. કેમ કે લિન્ક પર ક્લિક કરવાની સાથે તમારો ડેટા અને નાણાં પણ સાયબર ઠગોના ખાતામાં પહોંચી જાય છે. ઘણીવાર કોઇ કારણસર કોઇ ઓનલાઇન કામ કરવા માટે ઓટીપી પાસવર્ડ તમારા મોબાઇલ પર મોકલવામાં આવે છે. આ પાસવર્ડ તમારી ગેરહાજરીમાં ઓનલાઇન વપરાય તો તેનાથી તમને નુકશાન થઇ શકે છે. આ પ્રકારની છેતરપિંડીઓથી બચવા માટે અજાણી લિન્ક પર કદી ક્લિક ન કરવું, સ્ક્રિન શેરિંગ એપને તત્કાળ તમારા મોબાઇલ કે લેપટોપમાંથી ડિલિટ કરી નાંખવી અને તમારા ઓટીપી કદી બીજાને જણાવવા નહીં. ખાટલે મોટી ખોડ એ હોય છે કે ઘણીવાર ગ્રાહકોને અટપટાં ઓનલાઇન વ્યવહારોમાં સમજ ન પડે ત્યારે તેણે અન્ય કોઇની મદદ લેવી પડે છે અને તે સાથે તેના માથે જોખમ ઉભું થઇ જાય છે. બને તો વોટ્સ એપ કોલ પણ અજાણ્યા નંબર પરથી આવે તો તે ન લેવા. કેમ કે ઘણીવાર ઠગો તેમની કળા કરી લીધાં બાદ તમારો નંબર બ્લોક કરી નાંખે તે પછી તમે કશું કરી શકતાં નથી.

રિવાર્ડ પોઇન્ટના નામે થતી છેતરપિંડી :

ઓનલાઇન વ્યવહારોને ઉત્તેજન આપવા માટે કંપનીઓ વિવિધ પ્રકારના રિવોર્ડ પોઇન્ટ આપવાની યોજનાઓ બનાવે છે. આ રિવોર્ડ પોઇન્ટના નામે સાયબર ઠગો લિન્ક મોકલી ગ્રાહકો પાસેથી મહત્વની માહિતિઓ મેળવી લે છે અને પછી તે માહિતીને આધારે નાણાંની ઉચાપત કરી લેવામાં આવે છે. આવી જ રીતે ઘણીવાર પેટ્રોલ પંપની ડિલરશિપ કે કોઇ કંપનીના નામે મોટી એજન્સી ફાળવવાના બહાને પણ ગ્રાહકો પાસેથી સાયબર ઠગો મહત્વની માહિતી મેળવી તેમને છેતરી કાઢે છે.ઘણીવાર ઓનલાઇન સેલ્સ પ્લેટફોર્મ પર સાયબર ઠગો ખરીદદારના સ્વાંગમાં ફરતાં હોય છે તેઓ તમારીકોઇ વસ્તુ ખરીદવાના બહાને વિશ્વાસ સંપાદન કરી તેમને અનુકૂળ હોય એવી એપ દ્વારા વ્યવહાર કરાવી નાણાં પડાવી લેતાં હોય છે.

સરકારી કામોના નામે તથા લગ્નવિષયક અને નોકરીની વેબસાઇટ દ્વારા છેતરપિંડીઃ

ઘણીવાર સરકારી દસ્તાવેજો અપડેટ કરાવવાના બહાને પણ છેતરપિંડીઓ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે આધાર કાર્ડમાં માહિતી અપડેટ કરવાના બહાને સાયબર ઠગો કોલ કરી તમારી તમામ માહિતી મેળવી લઇ નાણાં પડાવી શકે છે. એવી જ રીતે નોકરીવાંચ્છુઓ જ્યારે ઓનલાઇન અરજી કરે ત્યારે પણ તેમની તમામ પ્રકારની માહિતી માંગી લેવામાં આવે છે. ઘણીવાર સાયબર ઠગો બનાવટી નોકરીના પોર્ટલ બનાવી તેના દ્વારા માહિતી એકત્ર કરી બકરાં ફસાવતાં હોય છે. આવી જ રીતે લગ્નવિષયક વેબસાઇટ પર બનાવટી નામે નોંધણી કરાવી ઘણાં સાયબર ઠગો સામેના પાત્ર સાથે પરિચય કેળવી તેનો વિશ્વાસ જીતી લીધાં બાદ તેની પાસેથી નાણાં પડાવવાના કારસાં અજમાવે છે. આમ, નાણાંની આપ-લે કરવાની ઓનલાઇન સુવિધાઓ વધવા સાથે તેની સાથે સંકળાયેલાં જોખમો પણ વધ્યા છે જે સમજી લેવા જરૂરી છે. તેમાં ગાફેલ રહો તો સુવિધા તો મળતાં મળશે પણ તમારાં નાણાં સામે તો તત્કાળ જોખમ ઉભું થઇ જાય છે.

## સૌરાષ્ટ્ર આસપાસ

# ઈરાન સામે પરિવર્તનની અનિવાર્ય ઘડી

ઈરાન આજે એવા વળાંક પર ઊભું છે જ્યાં બહારથી બધું શાંત અને નિયંત્રિત દેખાય છે, પરંતુ અંદરથી અસંતોષ, ભય અને દબાયેલો ગુસ્સો સતત ઉકળતો જઈ રહ્યો છે. તેહરાનની ગલીઓમાં માસ્ક પહેરેલા લોકો, બિનસત્તાવાર રીતે અમલમાં મુકાયેલો કર્ફ્યુ, છત પર સેટેલાઈટ ડીશ શોધતી સુરક્ષા દળોની કાર્યવાહી અને વિરોધને ટેકો આપનાર ઉદ્યોગપતિઓની ધરપકડલઆ તમામ દ્રશ્યો એ સૂચવે છે કે શાસન તંત્ર પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે અત્યંત કડક પગલાં લઈ રહ્યું છે. પરંતુ આ દમનની વચ્ચે સૌથી નોંધપાત્ર બાબત એ છે કે હવે અસંમતિના અવાજો માત્ર રસ્તા પરથી નહીં, પરંતુ સત્તાના આંતરિક વર્તુળોમાંથી પણ ઊઠવા લાગ્યા છે. આ અવાજો ઈરાન માટે માત્ર ચેતવણી નહીં, પરંતુ પરિવર્તન હવે ટાળી શકાય તેમ નથી એનો સ્પષ્ટ સંકેત છે.તાજેતરની હિંસક કાર્યવાહી બાદ શાસક વર્ગની અંદરથી ઊભા થયેલા પ્રશ્નો અગાઉ ક્યારેય એટલા ખુલ્લા અને સ્પષ્ટ રહ્યા નથી. ચૌદ સુધારાવાદી મૌલવીઓ અને બૌદ્ધિકો દ્વારા બહાર પાડવામાં આવેલું ઘોષણાપત્ર આ દિશામાં એક મહત્વપૂર્ણ ઘટના ગણાય. તેમાં સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે જો શાસન તંત્ર શાંતિપૂર્ણ અને મૂળભૂત સુધારાઓ નહીં કરે, તો સ્થિતિ વધુ ગંભીર અને વિસ્ફોટક બની શકે છે. આ ઘોષણાપત્ર માત્ર વિરોધનો દસ્તાવેજ નથી, પરંતુ સત્તાધીશો માટે એક અંતિમ સંકેત છે. "રેખા ઓળંગાઈ ગઈ છે" અને "જૂની વ્યવસ્થા હવે ટકી શકશે નહીં" જેવા વાક્યો એ બતાવે છે કે અંદરખાને પણ હાલની વ્યવસ્થા પ્રત્યેનો વિશ્વાસ ઝડપથી ખસી રહ્યો છે.ઈરાનનું શાસન વર્ષોથી દમન, ધાર્મિક સત્તા અને કડક નિયંત્રણ પર આધારિત રહ્યું છે. પરંતુ સમય અને સમાજ બંને બદલાઈ રહ્યા છે. નવી પેઢી વધુ માહિતગાર છે, વિશ્વ સાથે જોડાયેલી છે અને પોતાના ભવિષ્ય અંગે પ્રશ્નો પૂછવા લાગી છે. ઈન્ટરનેટ પરના પ્રતિબંધો અને સ્ટારલિંક જેવી સેવાઓને અવરોધવાના પ્રયાસો એ સાબિત કરે છે કે શાસન તંત્રને માહિતીના મુક્ત પ્રવાહથી ભય લાગે છે. કારણ કે જ્યાં માહિતી પહોંચે છે, ત્યાં પ્રશ્નો ઊભા થાય છે, અને પ્રશ્નો સત્તાને અસ્વસ્થ બનાવે છે.આંતરિક અસંતોષની સાથે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ ઈરાન માટે પડકારરૂપ બની રહી છે. અમેરિકાના રાજકારણમાં ડોનાલ્ડ ટ્રમ્પની સંભવિત વાપસી અને ખાડી તરફ આગળ વધી રહેલી અમેરિકી નૌકાદળની હાજરી તેહરાન પર દબાણ વધારી રહી છે. શાસક વર્ગના કેટલાક સમજદાર અને વ્યવહારુ લોકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે બહારથી લાદવામાં આવનારા પરિવર્તન કરતાં જાતે સુધારા કરવો વધુ યોગ્ય અને સલામત માર્ગ છે. આ વિચારમાં તર્ક અને ઇતિહાસ બંનેનો આધાર છે. ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે શાસન સમયસર પરિવર્તન સ્વીકારતું નથી, ત્યારે પરિવર્તન હિંસક અને વિનાશક સ્વરૂપે સામે આવે છે.ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખામેની પર પણ હવે પ્રશ્નો ઊઠવા લાગ્યા છે. ૮૬ વર્ષની ઉંમરે તેઓ એવા દેશનું નેતૃત્વ કરી રહ્યા છે, જ્યાં યુવા પેઢીની આશાઓ અને શાસનની નીતિઓ વચ્ચે ઊંડો અંતર સર્જાઈ ગયો છે. ટીકાકારોનું કહેવું છે કે અમેરિકા સાથે પરમાણુ કરાર અંગેના અડગ વલણને કારણે ઈરાને ૨૦૨૫માં પ્રતિબંધો હટાવવાની એક મહત્વપૂર્ણ તક ગુમાવી. આ નિર્ણયોની કિંમત સામાન્ય નાગરિકોએ મોંઘવારી, બેરોજગારી અને આંતરરાષ્ટ્રીય એકલતાના સ્વરૂપે ચૂકવી છે.માનવ અધિકાર સંગઠનોના આંકડા પરિસ્થિતિની ગંભીરતા વધુ સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે.

# જોઈએ હવે ભારત તેની ટેલેન્ટને કઈ રીતે નિખાર આપે છે

**વિશેષ**

ભારતે વિશ્વગુરુ કે પછી વિશ્વના દેશોની નજરે એક શક્તિશાળી રાષ્ટ્ર બનવું હશે તો માત્ર આર્થિક મહાસત્તાના રેન્કમાં પ્રગતિ કરતા રહેવાથી તેને તે સન્માન કે આદર નહી મળે. દુબઈ અને સિંગાપોર જેવી બહુમાળી ઈમારતો કે ઝગારા મારતી રોશનીથી મેટ્રો શહેરોને સજાવવાથી પણ કોઈ વિદેશી આવીને એમ નહીં કહે કે ' હવે ભારતમાં કાયમી રહેવા માટેની યોજના બનાવવી જોઈએ.' કોઈપણ ગુણવત્તાસભર મનાતો દેશ તેઓનાં નાગરિકોની શિસ્ત, ટ્રાફિક સેન્સ, ટ્રાફિક નિયમન, પાર્કિંગની સ્થિતિ, હવા-પાણી, અમુક અંતરે ખુલ્લા હરિયાળા પાર્ક, ભેળસેળ વિનાની ખાદ્ય સામગ્રી અને સૌથી વિશેષ તેઓની શાળા -કોલેજો અને યુનિવર્સિટીના ઊંચા સ્તરને લીધે એક આગવો મુકામ હાંસલ કરતો હોય છે.

આજે એવી સ્થિતિ છે કે ભારતના શ્રીમંતો અન્ય વિકસિત દેશોમાં શિફ્ટ થઈ રહ્યા છે.ભારત વિશ્વની ચોથી આર્થિક મહાસત્તા મનાતું હોવા છતાં વિદેશી રોકાણ વધતું નથી. ભારતની પોતાની ટાટાને બાદ કરતા કોઈ વૈશ્વિક બ્રાન્ડ પણ નથી.

જાકારો છતાં આકર્ષણ

ભારત પાસે ટેલેન્ટ છે પણ તેઓને ભારતમાં વાતાવરણ અનુકૂળ નથી લાગતું.અમેરિકામાં ભારતની આવી પ્રતિભા સામે ભારોભાર ઝેર અને રોષ વધતો જાય છે. કેનેડા અને બ્રિટન ઉપરાંત હવે તો ઓસ્ટ્રેલિયા પણ ભારતના વિદ્યાર્થીઓને જાકારો આપવાની તૈયારી કરી રહ્યું છે. આવી અપમાનભરી સ્થિતિ અને ભારત વિરોધી ધૃણા ફેલાવતી સોશિયલ મીડિયા પરની પોસ્ટ છતાં ભારતની યુવા પેઢી અને વિદ્યાર્થીઓ અમેરિકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરીને તે દેશોમાં જ સ્થાયી થવાનું સ્વપ્ન સેવે છે. માતા પિતા એકાદ કરોડનું દેવું કરવા પણ તૈયાર હોય છે. છેલ્લા વર્ષમાં વિદેશમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ત્રીસ ટકા જેટલો સરેરાશ ઘટાડો જોવા મળ્યો છે તેનું કારણ આ દેશોએ હવે વિદેશી (ખાસ તો ભારતીયો) તેમના દેશમાં અતિક્રમણ ન કરે તેવા કાયદાઓ ઘડયા તે છે. ભારતીય વાલીઓ અને સંતાનો આ કારણે ભારે હતાશા અનુભવે છે.

ભારત નથી આવવું

વિદેશમાં વર્ષોથી સ્થાયી થયેલા જ નહીં પણ દસેક વર્ષથી એચ વન બી વિઝા સાથે નોકરી કરનારા ભારતના યુવાનોને તેમની કંપની ભારતમાં ઊંચા પગાર સાથે ભારતની શાખામાં બદલી કરી આપવા તૈયાર છે તો પણ આવા યુવાનોને ભારત દિલથી આવવાની ઈચ્છા છે પણ ભારતનું જનજીવન અને ગુણવત્તાના કોઈ માપદંડ ન ધરાવતું હોઈ તેઓનું પોતાના દેશમાં રહેવા મન નથી માનતું કેન્દ્ર સરકારે ભારતની યુનિવર્સિટી કહો કે શિક્ષણ વ્યવસ્થા તેની વિશ્વમાં ઓળખ બનાવી જોઈએ. શોધ અને સંશોધન તેમજ સ્ટાર્ટ અપ માટેની ઈકો સિસ્ટમ ઉભી કરવી જોઈએ. વિદેશમાં કાર્યરત આપણી ટેલેન્ટનો ડેટા એકત્રિત કરીને તેઓ ભારતમાં પરત ફરે તે માટે સંવાદ સાધવો જોઈએ. કંપનીઓનું એક સંગઠન બનાવી અ ટેલેન્ટને નોકરી માટે ઊંચા પગારની ઓફર આપવી જોઈએ. જેઓ સર્જનાત્મક (ક્રિએટીવ) દિમાગ ધરાવે છે તેઓ જે માંગે તેવું સેટ અપ અને આર્થિક પીઠબળ પૂરું પાડવું જોઈએ.

ભાવિ નિર્માણ ન થાય

નવી શિક્ષણ નીતિ આવકાર્ય છે પણ લક્ષ્ય એ જ હોવું જોઈએ કે આપણો વિદ્યાર્થી ભારતમાં જ અભ્યાસ કરે તેવી શિક્ષણ સંસ્થાઓ અને વ્યવસ્થા ઉભી કરવી.

કેન્દ્ર સરકારના નીતિ આયોગ દ્વારા જ ચિંતાજનક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે કે વિશ્વમાં સૌથી વધુ ભારતના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે વિદેશમાં જાય છે, અગાઉ જણાવ્યું તેમ ભારતની પ્રતિષ્ઠાને તો ફટકો પહોંચે જ છે પણ આપણે ટેલેન્ટ ગુમાવીએ છીએ તેના કારણે મજબુત ભાવિ નિર્માણની રીતે પણ ભારે નુકશાન સહન કરવું પડે છે.આથી જ એક અભ્યાસ પ્રમાણે બીજા ૨૫ વર્ષ સુધી તો ભારત કોઈ વૈશ્વિક બ્રાંડ કોઈપણ બિઝનેસ ,ઉદ્યોગ કે ક્ષેત્રમાં આપી શકે તેમ નથી.હા, ભારતના વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ બાદ ત્યાંની કંપનીઓમાં જોબ માટે સ્થાયી થાય છે અને જે તે દેશનાં નામે ચઢતી વૈશ્વિક શોધ સંશોધનમાં ખરેખર તો તેઓ જ મુખ્ય પ્રદાનકર્તા તરીકે



હોય છે. બીજી રીતે કહીએ તો વિદેશના વિદ્યાર્થીઓ ભારતમાં અભ્યાસ કરવા કે સ્થાયી થવા માટે આવતા થાય ત્યારે માનવું કે આપણો દેશ હવે ખરા અર્થમાં વિકસિત અને વિશ્વગુરુ બનવા ભણી જઈ રહ્યો છે.

નીતિ આયોગનો સ્વીકાર

નીતિ આયોગે ૨૦૨૧નાં આંકડા જાહેર કર્યા છે જેમાં જણાવ્યું છે કે ભારતના દર ૨૪ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરવા જાય છે તેની સામે એક જ વિદેશનો વિદ્યાર્થી ભારતમાં અભ્યાસ કરવા આવે છે. (તે પણ મોટેભાગે ગરીબ કે અલ્પ વિકસિત દેશના હોય છે.) ૨૦૨૫ના આવા આંકડા તો વધુ ચોંકાવનારા છે. કેમ કે જે વાલીઓ મળે તેઓ એમ જ જાણે ગૌરવ લેતા હોય તેમ કહેતા સંભળાય છે કે 'અમારા સંતાનો વિદેશમાં અભ્યાસ કરે છે.'વિદેશમાં ભયજનક સામાજિક સુરક્ષા છે.

# નાણાકીય સુરક્ષા : ડિજિટલ યુગની સૌથી મોટી સમસ્યા

ઓછામાં ઓછી મહેનતે ઘરે બેઠા લાખોની કમાણી ની લાલચથી અનેક માનવીઓના બેન્ક ખાતા સફાચટ

**કોરોના સમય પછી ઓનલાઈન પર બિઝનેસ વધતો જાય છે. વર્ક ફ્રોમ હોમ અને સોશિયલ મીડિયા ના પ્રભાવથી બેંક ફ્રોડ વધી રહ્યા છે આનાથી કેવી રીતે બચવું એ આજની સૌથી મોટી સમસ્યા છે સાયબર ક્રાઇમ વિભાગ દ્વારા જનજાગૃતિના અનેક પ્રોગ્રામ ચાલુ જ છે છતાં ઓનલાઇન ફ્રોડના કિસ્સા અટકવાનું નામ નથી લેતા તેનું કારણ છે લોકોમાં જાગૃતિનો અભાવ**

થયા છે.ઈન્ફર્મેશન ટેકનોલોજી ના જબરજસ્ત વિકાસ પછી માનવીનું જીવન એકદમ સરળ બની ગયું છે નાણાકીય વ્યવહારો ઝડપી બન્યા છે સાથોસાથ નાણાકીય વ્યવહારોમાં જોખમ પણ અનેક ગણા વધી ગયા છે. સાયબર ફ્રોડ અને સાયબર ક્રાઇમ આના ઉદાહરણો છે આમાંથી કેમ બચવું તે વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા છે.'ઓછી મહેનતે વધુ આવક'-આ શબ્દો સાંભળતા જ કોઈપણ વ્યક્તિનું ધ્યાન ખેંચાય. ખાસ કરીને કોરોનાકાળ પછી, જ્યારે લાખો લોકોએ નોકરી ગુમાવી, ધંધા ઠપ્પ થયા અને આવકના સ્ત્રોત અચાનક બંધ થઈ ગયા, ત્યારે આવી વાતો વધુ આકર્ષક લાગી. ઘેરબેઠાં કામ કરવાની તક, મોબાઈલથી કમાણી, દિવસમાં બે કલાક કામ અને હજારો રૂપિયાનું વળતર—આવા વચનો ઘણા લોકો માટે આશાની કિરણ બનીને આવ્યા. પરંતુ દુર્ભાગ્ય એ છે કે આ આશા ઘણીવાર છેતરપિંડીના અંધકારમાં ફેરવાઈ જાય છે. આ નિબંધમાં આપણે સમજવાનો પ્રયત્ન કરીશું કે ઘેરબેઠાં કામના નામે કેવી રીતે ફ્રોડ થાય છે, લોકો કેમ તેમાં ફસાઈ જાય છે અને સામાન્ય માણસે કેવી રીતે સાવચેત રહેવું જોઈએ.કોરોના પહેલાં પણ ઘેરબેઠાં કામનો વિચાર નવો નહોતો. આઈટી ક્ષેત્ર, વીમા એજન્ટો, કન્સલ્ટન્ટ્સ અથવા ફ્રીલાન્સ કામ કરનારાઓ માટે વર્ક-ફ્રોમ-હોમ સામાન્ય બાબત હતી. કેટલાક લોકો પાસે ખાસ આવડત હતી-લેખન, ડિઝાઈન, પ્રોગ્રામિંગ, અનુવાદ-અને તેઓ ઘરેથી જ કામ કરીને આવક મેળવતા. પરંતુ મોટાભાગના લોકો માટે નોકરીનો અર્થ ઓફિસમાં જઈને કામ કરવો હતો. કોરોનાએ આ વિચાર બદલ્યો. લોકડાઉનના સમયમાં લેપટોપ અને મોબાઈલ જ ઓફિસ બની ગયા. ઘણા લોકો માટે આ સરળ બદલાવ હતો, કારણ કે તેમની નોકરી પહેલેથી એવી હતી. પરંતુ જે લોકો રોજિંદી કમાણી પર આધાર રાખતા હતા, મજૂરી કરતા હતા અથવા નાના ધંધા કરતા હતા, તેમના માટે આ સમય ખૂબ કઠિન સાબિત થયો.આજ પરિસ્થિતિનો લાભ લઈને ફ્રોડ કરનારાઓ સક્રિય બન્યા. પહેલાં છાપાંમાં 'ઘેરબેઠાં કમાઓ' લખેલા ફરફરિયાં જોવા મળતા. હવે આ ફરફરિયાં મોબાઈલ સ્ક્રીન પર, સોશિયલ મીડિયા પર, વોટ્સએપ મેસેજમાં અને અજાણી વેબસાઈટ્સ પર દેખાવા લાગ્યા. ટાઈપિંગનું કામ, ડેટા એન્ટ્રી, ટ્રાન્સલેશન, ઓનલાઈન સર્વે, જાહેરાતો પર ક્લિક કરવું-આ બધું બહુ સરળ લાગે એવું બતાવવામાં આવે છે. સાથે જ કહેવામાં આવે છે કે કોઈ ખાસ આવડતની જરૂર નથી, માત્ર થોડો સમય અને ઈન્ટરનેટ કનેક્શન પૂરતું છે.સમસ્યા અહીંથી શરૂ થાય છે. જે વ્યક્તિ પહેલેથી આર્થિક તંગી અનુભવી રહી હોય, તેને જ્યારે આવું કોઈ મેસેજ મળે ત્યારે તે આશા રાખે છે કે કદાચ આ રસ્તે થોડી આવક મળી જશે. ફ્રોડ કરનારાઓ આ માનસિક સ્થિતિને સારી રીતે સમજે છે. તેઓ પહેલા વિશ્વાસ બનાવે છે, મીઠી વાતો કરે છે, થોડા નકલી પુરાવા બતાવે છે અને પછી કોઈ ન કોઈ બહાને પૈસા માંગે છે. ક્યારેક રજિસ્ટ્રેશન ફી, ક્યારેક ટ્રેનિંગ ચાર્જ, તો ક્યારેક સિક્યુરિટી ડિપોઝિટ. રકમ સામાન્ય રીતે નાની રાખવામાં આવે છે, જેથી માણસ વિચાર કરે કે 'ચાલે, અજમાવી લઈએ'. એકવાર પૈસા

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

ગયા પછી ન તો કામ મળે, ન તો સંપર્ક રહે.

કોરોનાકાળ દરમિયાન ઈન્સ્ટન્ટ લોન એપ્સનો ધંધો પણ ખૂબ ફૂલ્યો. સરળ લોન, ઓછા દસ્તાવેજો અને તરત પૈસા-આ વચનો આપીને લોકોના મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવવામાં આવી. શરૂઆતમાં થોડા રૂપિયા મળે, પરંતુ પછી ઊંચા વ્યાજ, ખોટી શરતો અને ધમકીઓ શરૂ થાય. આ પણ એક પ્રકારની છેતરપિંડી જ હતી, જેમાં લોકો પોતાની આર્થિક મુશ્કેલીમાંથી બહાર આવવા જતા વધુ ફસાતા ગયા.ઘેરબેઠાં કામમાં ફ્રોડ કેમ વધારે છે તેનું એક મોટું કારણ એ છે કે નેટ પર ખરેખર કામ આપતી કંપનીઓ કરતાં ઠગોની સંખ્યા વધુ છે. સાચી કંપનીઓ સામાન્ય રીતે સ્પષ્ટ માહિતી આપે છે, તેમની વેબસાઈટ, ઓફિસનું સરનામું અને સંપર્ક વિગતો સ્પષ્ટ હોય છે. જ્યારે ફ્રોડ કરનારાઓ અસ્પષ્ટ વાતો કરે છે, વધારે કમાણીના વચનો આપે છે અને ઝડપથી નિર્ણય લેવા દબાણ કરે છે. તેઓ કહે છે કે તક મર્યાદિત છે, આજે જ જોડાવું પડશે. આ દબાણમાં માણસ વિચાર્યા વગર નિર્ણય લઈ લે છે.

એ સમજવું પણ જરૂરી છે કે ઘેરબેઠાં કામ ખરેખર શક્ય છે, પરંતુ તે માટે ચોક્કસ આવડત અને મહેનત જરૂરી છે. જેમ કોઈ બજારમાં જઈને દુકાન ખોલે છે ત્યારે તરત મોટો નફો થતો નથી, તેમ ઓનલાઈન કામમાં પણ સમય લાગે છે. લેખન, ડિઝાઈન, પ્રોગ્રામિંગ, ડિજિટલ માર્કેટિંગ જેવી આવડત ધરાવતા લોકો માટે ઈન્ટરનેટ એક વિશાળ બજાર છે. તેઓ દુનિયાભરના ક્લાયન્ટ્સ સાથે કામ કરી શકે છે. પરંતુ જે લોકો પાસે આવી કોઈ ખાસ સ્કિલ નથી, તેમના માટે 'સરળ કામ અને મોટી કમાણી'ની વાતો મોટેભાગે ખોટી સાબિત થાય છે.

સામાન્ય માણસે સાવચેત રહેવા માટે કેટલાક મૂળભૂત સિદ્ધાંતો સમજવા જરૂરી છે. જો કોઈ કામ માટે પહેલા પૈસા માંગવામાં આવે તો શંકા કરવી જોઈએ. સાચી નોકરી કે કામ આપનાર સામાન્ય રીતે કર્મચારી પાસેથી ફી લેતા નથી. બીજું, વધારે કમાણીના અતિશય વચનો હંમેશા ખોટા હોય છે. ત્રીજું, કોઈપણ ઓફર સ્વીકારતા પહેલાં કંપની વિશે માહિતી તપાસવી જોઈએ. ગૂગલ પર સર્ચ કરવું, રિવ્યુ વાંચવા, અન્ય લોકોને પૂછવું—આ બધું સમય લે છે, પણ નુકસાનથી બચાવે છે.આજે ઈન્ટરનેટ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. તે જેટલું ઉપયોગી છે, તેટલું જ જોખમી પણ બની શકે છે, જો સમજદારીથી ઉપયોગ ન કરીએ. કોરોનાએ આપણને શીખવ્યું કે પરિસ્થિતિ કોઈપણ સમયે બદલાઈ શકે છે. આવી સ્થિતિમાં સહેલાઈથી મળતી લાલચમાં ફસાવાની બદલે લાંબા ગાળે ફાયદાકારક રસ્તા શોધવા જરૂરી છે. સાચી આવડત શીખવી, ધીરજ રાખવી અને સાવચેત રહેવું—આ ત્રણ બાબતો આપણને ફ્રોડથી બચાવી શકે છે. ઘેરબેઠાં કામ ખરાબ નથી, પરંતુ અંધવિશ્વાસ ખરાબ છે. જો આપણે સમજદારીથી વિચારીએ, માહિતી તપાસીએ અને લાલચથી દૂર રહીએ, તો છેતરપિંડીના જાળમાંથી બચી શકીએ. આગળના સમયમાં સાચી રીતે ઓનલાઈન કામ કેવી રીતે મેળવવું, તેની તકો શું છે અને કેવી રીતે પોતાને મજબૂત બનાવવું—એ બધાની ચર્ચા અલગથી કરી શકાય. અત્યારે એટલું જ પૂરતું છે કે 'ઓછી મહેનતે વધુ આવક'ના મીઠા શબ્દો પાછળ છુપાયેલી કડવી હકીકતને ઓળખી લઈએ.




કોઈપણ વ્યક્તિ મોબાઇલ ફોન જેવો ફોન કરે કે તરત જ તે મેસેજ જોવા મળે કે તમારા ખાતાની અંદર ૩૦,૦૦૦ રૂપિયા આવ્યા છે તમે નીચેની માહિતી મોકલો અને તમે માહિતી જેવી મોકલો કે તરત જ તમારા બેંકના ખાતામાંથી પૈસા ઉપડી જાય બેલેન્સ ઝીરો થઈ જાય આવું થાય ત્યારે તમારા શહેરમાં સાયબર ક્રાઇમ વિભાગનો તરત જ સંપર્ક કરો તો તમારા પૈસા પાછા આવવાની શક્યતા વધી જાય છે આજે જાગૃત રહેવાની જરૂર છે.

# બાંગ્લાદેશને હરાવ્યા બાદ પાકિસ્તાને ફરી કાચિંડાની જેમ રંગ બદલ્યો, આઈસીસીને પત્ર લખ્યો




ઢાકા,

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે, જેમાં ફક્ત થોડા દિવસો બાકી છે. આગામી મેગા ઈવેન્ટમાં બાંગ્લાદેશની ભાગીદારી અંગે પોતાનો અંતિમ નિર્ણય લેશે. દરમિયાન, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ફરી એકવાર પોતાનું વલણ બદલ્યું છે,આઈસીસીને પત્ર મોકલીને ભારતમાં ન રમવાના બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના નિર્ણયને સમર્થન આપ્યું છે.

આઈસીસીએ બોર્ડ મીટિંગ બોલાવી છે.પીસીબીએ બીસીબીના સમર્થનમાં અગાઉ મોકલેલા પત્રની નકલ પણ બોર્ડ મીટિંગમાં હાજરી આપનારા તમામ સભ્ય દેશોને ઈમેઈલ કરી છે. જોકે,પીસીબીના આ ઈમેઈલનો આઈસીસીના વલણ પર કોઈ પ્રભાવ પડતો નથી તેવું માનવામાં આવે છે, કારણ કે તેણે બાંગ્લાદેશને સ્પષ્ટપણે કહ્યું છે કે વર્લ્ડ કપના સમયપત્રકમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.પીસીબીએ હજુ સુધી આ બાબતે કોઈ જાહેર નિવેદન જારી કર્યું નથી.પીસીબી હાલમાં બાંગ્લાદેશ અંગેઁ ઝઝ ના નિર્ણયની રાહ જોઈ રહ્યું છે, જેના પછી તે ટુર્નામેન્ટમાં તેની ભાગીદારી પર પુનર્વિચાર કરશે.

બીસીસીઆઇ દ્વારા આઇપીએલ ૨૦૨૬ સીઝનમાંથી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને બાકાત રાખવાનો નિર્દેશ જારી કર્યા પછી, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ની મેચો ભારતથી શ્રીલંકા ખસેડવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. દરમિયાન, છેલ્લા ઘણા દિવસોથી બાંગ્લાદેશ સરકાર દ્વારા જારી કરાયેલા નિવેદનોમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે તેની ટીમ મેચ રમવા માટે ભારતનો પ્રવાસ કરશે નહીં.આઈસીસીના વલણને જોતાં, બાંગ્લાદેશને આ મેગા ઈવેન્ટમાંથી ખસી જવાની ફરજ પડી શકે છે, અને તેની જગ્યાએ સ્કોટિશ ટીમનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવી શકે છે.

# કુમાર સંગાકારા રાજસ્થાન રોયલ્સ કોચિંગ સ્ટાફમાં પાછા ફરી શકે

નવીદિલ્હી,

શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર કુમાર સંગાકારા રાજસ્થાન રોયલ્સ કોચિંગ સ્ટાફમાં પાછા ફરી શકે છે. રાહુલ દ્રવિડે આ વર્ષે ઓગસ્ટમાં કોચ પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે એક વર્ષની અંદર જ છોડી દીધું. હવે, સમાચાર આવી રહ્યા છે કે સંગાકારાને મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે.

સુત્રોના જણાવ્યા અનુસાર રાહુલ દ્રવિડના રાજીનામા પછી, રાજસ્થાન રોયલ્સ મુખ્ય કોચની શોધમાં છે. ફ્રેન્ચાઈઝી આ જવાબદારી કુમાર સંગાકારાને સોંપી શકે છે. શ્રીલંકાના દિગ્ગજ ખેલાડી ૨૦૨૧ થી રાજસ્થાન રોયલ્સ માટે ક્રિકેટ ડિરેક્ટર છે. નોંધનીય છે કે સંગાકારાએ ૨૦૨૪ સુધી કોચિંગ પદ સંભાળ્યું હતું. જોકે, દ્રવિડને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રાજસ્થાનના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સંગાકારાના કાર્યકાળ દરમિયાન, સંજુ સેમસનની કેપ્ટનશીપ હેઠળની ટીમ ચારમાંથી બે સીઝનમાં પ્લેઓફમાં પહોંચી હતી. ૨૦૨૨ માં, રાજસ્થાન રોયલ્સ ૨૦૦૮ પછી પહેલી વાર ફાઇનલમાં પહોંચી હતી, પરંતુ ગુજરાત ટાઇટન્સ સામે હારી ગઈ હતી. ૨૦૨૩ માં, ટીમ પાંચમા સ્થાને રહી, જ્યારે ૨૦૨૪ માં, તેઓ ક્વોલિફાયર ૨ માં પહોંચ્યા.

આઈપીએલ ૨૦૨૫ માં રાજસ્થાન રોયલ્સનું પ્રદર્શન નબળું હતું અને તેઓ પ્લેઓફ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહ્યા.

# શક્તિશાળી ઓલરાઉન્ડર શોએબ મલિકે પાકિસ્તાન સુપર લીગમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

કરાંચી,

શોએબ મલિક નિવૃત્તિઃ અનુભવી પાકિસ્તાની ક્રિકેટર અને શક્તિશાળી ઓલરાઉન્ડર શોએબ મલિકે પાકિસ્તાન સુપર લીગમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. મલિકે પીએસએલની ઐતિહાસિક ૧૧મી સીઝન પહેલા આ નિર્ણય લીધો હતો અને સોશિયલ મીડિયા દ્વારા ચાહકો સાથે પોતાની નિવૃત્તિ શેર કરી હતી. શોએબ મલિકની નિવૃત્તિ પીએસએલમાં એક સુવર્ણ પ્રકરણનો અંત દર્શાવે છે.

શોએબ મલિકે પીએસએલમાં પોતાના દાયકા લાંબા પ્રવાસ પર એક ભાવનાત્મક પોસ્ટ લખી. તેમણે લખ્યું, પીએસએલમાં ખેલાડી તરીકેના મારા ૧૦ વર્ષ દરમિયાન, મેદાન પર અને બહાર મેં બનાવેલી દરેક ક્ષણ અને દરેક મિત્રતાને હું હંમેશા યાદ રાખીશ. હવે ગુડબાય કહેવાનો સમય આવી ગયો છે. જોકે, ક્રિકેટની સુધારણા માટે કામ કરવાનો તેમનો જુસ્સો અને ઉત્સાહ હંમેશા રહેશે. આભાર, પીએસએલ

એ નોંધનીય છે કે શોએબ મલિક પીએસએલની શરૂઆતથી જ તેમાં મુખ્ય વ્યક્તિ રહ્યો છે. તેમની કારકિર્દી દરમિયાન, તેમણે ચાર અલગ અલગ ફ્રેન્ચાઇઝીનું પ્રતિનિધિત્વ કર્યુંઃ કરાચી કિંગ્સ, મુલતાન સુલ્તાન્સ, પેશાવર ઝાલ્મી અને ક્વેટા ગ્લેડીયેટર્સ. તેમણે પીએસએલ ૧૦ માં ક્વેટા ગ્લેડીયેટર્સ માટે પોતાની છેલ્લી મેચ રમી હતી.શોએબ મલિકનો પીએસએલમાં પ્રભાવશાળી રેકોર્ડ છે. તે લીગના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં ચોથો છે. મલિકે ૯૨ મેચોમાં ૩૩.૦૯ ની સરેરાશથી ૨૩૫૦ રન બનાવ્યા છે. તેણે ૧૭ વિકેટ પણ લીધી, જે તેની ઓલરાઉન્ડ ક્ષમતાઓનું પ્રદર્શન કરે છે. એકંદરે, શોએબ મલિક ટી ૨૦ ક્રિકેટ ઈતિહાસમાં છઠ્ઠા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેના નામે ૧૩૫૭૧ રન, ૮૩ અડધી સદી અને ૧૨૭.૨૪નો સ્ટ્રાઇક રેટ છે.શોએબ મલિક ૨૦૦૯ની આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમનો મુખ્ય ભાગ હતો. તેની કારકિર્દી દરમિયાન, તેણે ત્રણેય ફોર્મેટમાં પાકિસ્તાનનું નેતૃત્વ કર્યું. ૧૯૯૯માં વનડે ડેબ્યૂ કરનાર શોએબે પાકિસ્તાન માટે ૪૪૬ આંતરરાષ્ટ્રીય મેચ રમી, જેમાં ૧૨ સદી અને ૬૧ અડધી સદીની મદદથી ૧૧,૮૬૭ રન બનાવ્યા. તેણે બોલ સાથે ૨૧૮ વિકેટ પણ લીધી.

# કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્વીકાર્યું કે તે હાલમાં રન બનાવી રહ્યો નથી, પરંતુ તે જ શૈલીમાં રમવાનું ચાલુ રાખશે



નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવનું તાજેતરનું પ્રદર્શન આંતરરાષ્ટ્રીય સ્તરે અપેક્ષાઓ પર ખરું ઉતર્યું નથી. તેણે છેલ્લી ચાર મેચોમાં માત્ર ૩૪ રન બનાવ્યા છે, જેના કારણે તેના ફોર્મ અને ૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપમાં તેની ભૂમિકા પર પ્રશ્નો ઉભા થયા છે. આમ છતાં, ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોએ તેના કેપ્ટનશીપ હેઠળ ટીમના પ્રદર્શનને જોતાં તેના પર સંપૂર્ણ વિશ્વાસ જાળવી રાખ્યો છે. ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની ટી ૨૦ શ્રેણી પહેલા, સૂર્યકુમાર યાદવે પોતાના પ્રદર્શન વિશે વાત કરી. તેમણે કહ્યું કે નેટ્સમાં તેમની બેટિંગ સારી રહી છે અને તેના પરિણામો ટૂંક સમયમાં મેચોમાં દેખાશે. મુંબઈના આક્રમક બેટ્સમેનએ સ્પષ્ટતા કરી કે તેઓ તેમની રમવાની શૈલીમાં કોઈ ફેરફાર કરવાના મૂડમાં નથી.

ટી ૨૦ શ્રેણીની પ્રથમ મેચ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં, કેપ્ટને તેમના બેટિંગ ક્રમમાં પણ સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે તેઓ ટીમની જરૂરિયાતોને આધારે ત્રીજા અથવા ચોથા નંબર પર રમી શકે છે. સૂર્યકુમારે એમ પણ કહ્યું કે તેમને ભારત માટે આ બંને સ્થાનોનો અનુભવ છે. આંકડાકીય રીતે, ચોથા નંબર પર તેમનું પ્રદર્શન થોડું સારું રહ્યું છે, જોકે ત્રીજા નંબર પર તેમનું પ્રદર્શન પણ સારું છે.

લાંબા સમયથી ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા સૂર્યકુમાર યાદવે સ્પષ્ટપણે કહ્યું કે તેઓ તેમના ખરાબ ફોર્મ છતાં તેમની બેટિંગ શૈલીમાં કોઈ ફેરફાર કરશે નહીં. તેણે સ્વીકાર્યું કે તે હાલમાં રન બનાવી રહ્યો નથી, પરંતુ તે જ શૈલીમાં રમવાનું ચાલુ રાખશે જેણે તેને છેલ્લા ત્રણથી ચાર વર્ષથી સફળતા અપાવી છે. કેપ્ટને વિશ્વાસ વ્યક્ત કર્યો કે નેટમાં તેની તૈયારીઓ ટ્રેક પર છે અને તે રન ટૂંક સમયમાં આવશે.

# શું શેફાલી જરીવાલાને કાળો જાદુ કરવામાં આવ્યો હતો? પતિ પરાગ ત્યાગીએ ચોંકાવનારો સત્ય દાવો કર્યો






મુંબઈ,

'બિગ બોસ ૧૩' ફેમ શેફાલી જરીવાલાના અચાનક અવસાનથી તેના મિત્રો અને પરિવારજનો ચોંકી ગયા છે. આ સમાચાર સમગ્ર મનોરંજન ઉદ્યોગ માટે એક મોટો આઘાત સમાન આવ્યા છે. તેના પતિ, પરાગ ત્યાગી, હજુ પણ તેના મૃત્યુના દુઃખમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોતાની પત્નીની યાદમાં પોતાનું જીવન સમર્પિત કરનારા પરાગે તાજેતરમાં શેફાલી જરીવાલાના મૃત્યુ અંગે એક ચોંકાવનારો દાવો કર્યો હતો. પારસ છાબરાના પોડકાસ્ટ દરમિયાન, પરાગે આરોપ લગાવ્યો હતો કે તેમની પત્ની પર કાળો જાદુ કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે તે આ દાવો સંપૂર્ણ પ્રામાણિકતાથી કરી રહ્યા છે.કાળા જાદુના દાવા વિશે બોલતા, પરાગે કહ્યું, "તમે જાણો છો, ઘણા લોકો આ બાબતોમાં માનતા નથી, પરંતુ હું તેમાં દ્રઢપણે માનું છું. જ્યાં ભગવાન છે, ત્યાં શેતાન પણ છે. અને તમે જાણો છો, લોકો પોતાના દુઃખથી દુઃખી નથી થતા, તેઓ બીજાના સુખથી દુઃખી થાય છે. મને નથી લાગતું કે મને ખબર છે કે કોણે કર્યું. હું કહી શકતો નથી કે કોણે કર્યું, પરંતુ મને લાગે છે કે કંઈક ખોટું છે. મેં એક વાર નહીં પણ બે વાર આવું અનુભવ્યું છે, અને હું પહેલી વાર આમાંથી બહાર નીકળવામાં સફળ રહ્યો, પરંતુ આ વખતે તે થોડું ભારે હતું... મને ખબર નથી કે તે શું હતું અથવા શું હતું.પોડકાસ્ટમાં, તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ બીજી વખત તેમના પર કાળો જાદુ કરવામાં આવ્યો હતો અને તેમને લાગ્યું કે શેફાલીમાં કંઈક ખોટું છે. તેમણે કહ્યું, "જ્યારે હું પૂજામાં બેસું છું, ત્યારે મને લાગે છે કે કંઈક ખોટું છે. આ બીજી વખત છે. તે ખૂબ જ ખુશખુશાલ છોકરી છે, હું તેના લક્ષણોનું બરાબર વર્ણન કરી શકતી નથી. હું વધારે વિગતોમાં જવા માંગતી નથી, પરંતુ મને ફક્ત તેને સ્પર્શ કરીને કંઈક ખોટું થયું હોવાનું લાગ્યું. આ વખતે, તે થોડું વધુ તીવ્ર હતું, તેથી મેં એક નાની પૂજા કરી.

# ટીવી અભિનેતા સમર્થ જુરેલે અભિષેક પર તેની ભૂતપૂર્વ પ્રેમિકા પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો





મુંબઈ,

ઈશા માલવિયા, સમર્થ જુરેલ અને અભિષેક કુમાર હાલમાં "લાફ્ટર શેફ્સ ૩" માં સાથે જોવા મળે છે. આ ત્રણેય તેમના બ્રેકઅપ માટે સતત સમાચારમાં રહે છે, અને આશ્ચર્યજનક રીતે, તેઓ બિગ બોસના ઘરમાં તેમના અણબનાવ માટે પણ સમાચારમાં હતા. જોકે, ઈશા, સમર્થ અને અભિષેક પાછળથી મિત્રો બન્યા, અને તેમના વિવાદોનો અંત આવ્યો. આ દરમિયાન, અભિનેતા સમર્થ જુરેલનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે અભિષેક પર કેટલાક ગંભીર આરોપો લગાવે છે અને ઈશા સાથેના બ્રેકઅપનું કારણ જણાવે છે.વાયરલ થયેલા એક વીડિયોમાં, સમર્થ જુરેલે અભિષેક કુમાર અને ઈશા માલવિયા વિશે ચોંકાવનારા ખુલાસા કર્યા. તેમણે કહ્યું, "તે દોઢ વર્ષથી અભિષેકથી દૂર હતી... નવા વર્ષના દિવસે, અભિષેકે ઈશાને ખૂબ જોરથી થપ્પડ મારી. તેની એક આંખ ફાટવાથી બચી ગઈ અને તે સૂજી ગઈ." વધુમાં, અભિષેકના વર્તન વિશે વાત કરતા, સમર્થે કહ્યું, "હું એક પછી એક બધી ઘટનાઓ જાહેર કરીશ." ત્યારબાદ તે ઘણા ચોંકાવનારા દાવા કરે છે, કહે છે કે તેમની વચ્ચે બધું બરાબર ચાલી રહ્યું ન હતું.સમર્થ જુરેલે ખુલાસો કર્યો, "પહેલી ઘટના એ હતી કે અભિષેકે નવા વર્ષના દિવસે ઈશાને એટલી જોરથી થપ્પડ મારી હતી કે તેની આંખ ફૂટવાથી બચી ગઈ.

# નયનતારાએ અનુભવી અભિનેત્રી સાથે દુબઈમાં યાટ પર સૂર્યાસ્તનો આનંદ માણ્યો



મુંબઈ,

મહિલા સુપરસ્ટાર તરીકે જાણીતી દક્ષિણ ભારતીય અભિનેત્રી નયનતાર આજકાલ તેની ફિલ્મો કરતાં તેના અંગત જીવન માટે વધુ સમાચારમાં છે. હવે, નયનતારાએ અભિનેત્રી ત્રિશા કૃષ્ણન સાથેના પોતાના ફોટા શેર કર્યા છે. આ ફોટા નયનતારા અને ત્રિશાના વેકેશન દરમિયાન લેવામાં આવ્યા હતા. આ ફોટા હવે હેડલાઈન્સમાં છે.

નયનતારાએ તેના ઈન્સ્ટાગ્રામ પર ત્રિશા કૃષ્ણન સાથેના ઘણા ફોટા શેર કર્યા. આ ફોટા દુબઈના છે, જ્યાં નયનતારા અને ત્રિશા એક યાટ પર જોવા મળે છે. યાટના કિનારે બેઠેલી, બંને અભિનેત્રીઓ સૂર્યાસ્તનો આનંદ માણી રહી છે. આ દરમિયાન, તેઓએ કેમેરા માટે ઘણા અલગ અલગ પોઝ આપ્યા. આ ફોટામાં, નયનતારા અને ત્રિશા કૃષ્ણન કાળા પોશાકમાં જોવા મળે છે. કેટલાક ફોટામાં, બંને અભિનેત્રીઓ સનગ્લાસ પણ પહેરેલી છે. ફોટામાં બંને ખૂબ ખુશ દેખાય છે. ફોટા શેર કરતી વખતે, નયનતારાએ કેપ્શનમાં ફક્ત લાલ હૃદય બનાવ્યું હતું.

આ ફોટા ખાસ માનવામાં આવે છે કારણ કે બંને એક સમયે ખૂબ નજીક હતા. જો કે, તેમની વચ્ચે અણબનાવની અટકળો એક દાયકા પહેલા શરૂ થઈ હતી. બાદમાં, બંને અભિનેત્રીઓએ સ્પષ્ટતા કરી કે તફાવતો અતિશયોક્તિપૂર્ણ હતા અને વ્યવસાયિક રીતે કંઈ સંબંધિત નથી. તેમના સાથે અને સાથે વેકેશન માણવાના ફોટા સામે આવ્યા બાદ ચાહકો ખૂબ જ ખુશ છે. હવે એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે તેમની વચ્ચે આવી કોઈ તિરાડ નથી.

કામના મોરચે, નયનતારા તાજેતરમાં અનિલ રવિપુડી દ્વારા દિગ્દર્શિત અને ચિરંજીવી અભિનીત ફિલ્મ 'મન શંકરા વારા પ્રસાદ ગરુ'માં જોવા મળી હતી. તેની આગામી ફિલ્મમાં યશની "ટોક્સિકઃ અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ"નો સમાવેશ થાય છે. ફિલ્મનો તેનો પહેલો લુક તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યો હતો, અને તેને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ણ | ગ | બૂ | ક | ન | ર | મા | ડો | ર | ર | મા | વિ |
| કી | દા | બા | પ્ર | વિ | ણ | અ | ળ | જી | ણ | ર | ક્રો |
| પ્રા | દ | ઈ | કા | કા | જ્ઞા | પ્ર | શિ | હા | શિ | કા | કુ |
| આ | એ | રી | ત | રા | ગં | ન | ર | ક્ષ | સા | જી | ર |
| સ | ર | વા | ળો | અં | વિ | બં | ળો | ક | ણ | ગ | ત |
| અ | ણ | ત | જ | બૂ | ધ | એ | દા | મા | લ | ઈ | બ |
| ક્ષ | સા | કા | ચી | રા | ક | મો | ભા | ઓ | તુ | વિ | ક્ષ |
| વિ | ધ | ખ | સ | ભ | ર | સા | ઊ | ચા | ચી | વિ | ક્ષ |
| ક | ચા | વા | ધ | બ | બા | ઔ | ભો | જી | ળો | ર | બ |
| મો | ભો | ર | બં | ઈ | પ્ર | વા | સા | લી | શિ | ન | ભો |
| બં | મા | ણે | ણા | ણિ | ઉ | પ્રા | ક | લ | ઊ | ક્ષ | મા |
| સા | બ | દ | બા | ર | સા | ખ | વિ | અ | સ | મો | ક |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ ,હારબંધ

# અક્ષય કુમાર ટ્વિંકલ ખન્ના સાથે મૂવી ડેટ પર પત્નીનો હાથ પકડીને પોઝ આપ્યો



મુંબઈ,

અક્ષય કુમાર આ દિવસોમાં તેની ફિલ્મ 'જોલી એલએલબી ૩' માટે સમાચારમાં છે. તે તાજેતરમાં તેની પત્ની ટ્વિંકલ ખન્ના સાથે મૂવી ડેટ પર ગયો હતો. તેઓએ તેની ફિલ્મ 'જોલી એલએલબી ૩' જોઈ. તેમની હાજરીથી ફિલ્મ માટે લોકોનો ઉત્સાહ વધુ વધી ગયો છે. તેમના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

વાયરલ વીડિયોમાં, અક્ષય કુમાર અને તેની પત્ની ટ્વિંકલ ખન્ના સ્ટાઇલિશ દેખાતા હતા. તેઓ સાથે ખૂબ જ મજા માણી રહ્યા હતા. અક્ષય કુમાર મુંબઈના એક સિનેમા હોલની બહાર પાપારાઝી માટે પોઝ આપતી વખતે તેની પત્નીને પ્રેમથી પકડીને જોવા મળ્યા હતા.હિટ ફ્રેન્ચાઇઝ "જોલી એલએલબી" ના ત્રીજા ભાગમાં અક્ષય કુમાર જોલી મિશ્રા અને અરશદ વારસી જોલી ત્યાગી તરીકે છે. સૌરભ શુક્લા, ગજરાજ રાવ, અમૃતા રાવ અને હુમા કુરેશી પણ મુખ્ય ભૂમિકાઓ ભજવે છે. આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તેના પહેલા દિવસે, તેણે બોક્સ ઓફિસ પર ૧૨ કરોડની કમાણી કરી હતી. આ કલેક્શનને સરેરાશ ગણવામાં આવે છે.

કાનૂની મુશ્કેલીઓ પછી, ફિલ્મ "જોલી એલએલબી ૩" સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. રિલીઝ થયા પછી, અક્ષય કુમારે ટ્વીટ કર્યું, "કેસ નંબર ૧૭૨૨ આજે સાંભળવામાં આવશે. કોર્ટમાં સુનાવણી હવે ફરી શરૂ થઈ ગઈ છે! 'જોલી એલએલબી ૩' હવે સિનેમાઘરોમાં છે. તમારી ટિકિટ બુક કરો."

ફિલ્મને વિવેચકો અને દર્શકો તરફથી સકારાત્મક સમીક્ષાઓ મળી રહી છે. અમર ઉજાલાએ ફિલ્મને ૩.૫ સ્ટાર રેટિંગ આપ્યું છે.

# આર્યસમાજ સંચાલિત શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલયના ૭૮મો વાર્ષિકોત્સવ

જામનગર : આર્યસમાજ જામનગર સંચાલિત શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલયનો ૭૮મો વાર્ષિકોત્સવ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મહામંત્રી, બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા અને આર્યસમાજ જામનગરના પ્રમુખ દીપકભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને સમારોહ પૂર્વક ઉજવવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિવિશેષ તરીકે જામનગર જીલ્લાના કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ કેતનભાઈ ઠક્કર, જામનગર જીલ્લાના શિક્ષણાધિકારી વિપુલભાઈ મહેતા, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા (દિગુભા), કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના ટ્રસ્ટી અને જામનગર જિલ્લા ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના અધ્યક્ષ કરશનભાઈ ડાંગર, સ્વ. હસમુખરાય ગોકળદાસ શાહ મેમોરીયલ ટ્રસ્ટ (જી.ડી.શાહ હાઈસ્કુલ-જામનગર)ના ટ્રસ્ટી, જામનગર જિલ્લા ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના માનદમંત્રી જતીનભાઈ શાહ, જાણીતા શિક્ષણવિદ, કેળવણીકાર, પ્રણામી હાઈસ્કુલ-જામનગર, રતનબાઈ કન્યા વિદ્યાલય-જામનગર, ગંગાજળા વિદ્યાપીઠ અલીયાબાડાના ટ્રસ્ટી,



જામનગર જિલ્લા ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના ઉપપ્રમુખ દિલીપભાઈ આશર, રતનભાઈ કન્યા વિદ્યાલય-જામનગરના ટ્રસ્ટી ચંદ્રિકાબેન બારદાનવાલા, જામનગર જીલ્લા માધ્યમિક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરા, જી.એસ. મહેતા ગર્લ્સ હાઈસ્કુલ, જામનગરના આચાર્યા હીનાબેન તન્ના, સમાજ સેવક મહાવીર દળ-જામનગર (સ્મશાન વ્યવસ્થા સમિતિ)ના માનદમંત્રી, TIMES OF INDIA ના પત્રકાર, MYSAMACHAR.INના માલિક, વિશ્વનાથ વ્યાયામ પ્રચારક મંડળના ઉપપ્રમુખ દર્શનભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

શાળાની અલગ-અલગ ક્ષેત્રમાં તેમનું નામ રોશન કરી રહેલા પૂર્વ વિદ્યાર્થીની બહેનો પૈકી સાત બહેનોનુ "આર્ય આભા" પુરસ્કારથી સન્માન કરવામાં આવ્યુ. આર્યઆભા તરીકે ડો. પુજાબેન જાની, ડો. પૂજાબેન શિયાળ, ડો. મનાલીબેન પાગડાર, પુનમબેન નાંઢા, ધારાબેન જોબનપુત્રા, હેતલબેન વારા અને અંકિતાબેન પાલાનું ઉપવસ્ત્ર, સન્માન પત્ર, શુભેચ્છા ભેટ તેમજ પુસ્તક ભેટથી સન્માન કરવામાં આવેલ.

"આર્યઆભા" તરીકે પુરસ્કૃત ડો. પુજાબેન જાની અને હેતલબેન વારા દ્વારા તેમના પ્રતિભાવો વ્યકત કરવામાં આવેલ. સન્માન મુખ્ય અતિથિવિશેષો, શ્રી આર્યસમાજ-જામનગરના પદાધિકારીઓ, શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય-જામનગરના આચાર્યા અને અન્ય સ્ટાફના હસ્તે કરવામાં આવેલ હતું. જામનગર જીલ્લાના કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ કેતનભાઈ ઠક્કર, જામનગર જીલ્લાના શિક્ષણાધિકારી વિપુલભાઈ મહેતા અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા (દિગુભા)એ માર્ગદર્શનીય ઉદબોધન આપેલ. શાળામાં H.S.C. અને S.S.C. બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૫માં લેવાયેલ પરીક્ષામાં અલગ-અલગ વિષયમાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરાવનાર શિક્ષિકા બહેનોનું અભિનંદન પત્ર અને સ્મૃતિભેટથી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું.

ઉપરોકત કાર્યક્રમમાં આર્યસમાજ જામનગર ના પ્રમુખ દીપકભાઈ ઠક્કર, ઉપપ્રમુખ વિજયભાઈ ચૌહાણ, માનદ્ મંત્રી ધવલભાઈ બરછા, ઉપમંત્રી મનોજભાઈ નાંઢા, કોષાધ્યક્ષ વિનોદરાય નાંઢા, પુસ્તકાધ્યક્ષ જગદીશભાઈ મકવાણા, અંતરંગ સદસ્ય ધીરજલાલ નાંઢા, ભરતભાઈ આશાવર, પ્રભુલાલ જેઠાલાલ મહેતા, તેજભાઈ ઠક્કર, રામભાઈ બરછા, નીમુબેન રામાણી, શ્રી સતપાલજી આર્ય, વિશ્વાસભાઈ ઠક્કર, સતપાલજી આર્ય, સુનીતાબેન ખન્ના, સભાસદ વિરેન્દ્રભાઈ રામાણી, અર્ચનભાઈ ભટ્ટ, ભાર્ગવભાઈ મકવાણા, કૈલાદેવી આર્ય, ચંદ્રવદનભાઈ મહેતા, ઈલાબેન ચૌહાણ, રાધાબેન નાંઢા, શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયનો સમગ્ર શિક્ષકગણ, વિદ્યાર્થીનીઓ, કર્મચારીઓ અને સેવક ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ આર્યસમાજ જામનગર ના પ્રમુખ દીપકભાઈ ઠક્કર અને માનદ્ મંત્રી ધવલભાઈ બરછા અને પ્રફુલ્લાબેન રૂપડીયાના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન મિન્ટુબેન ચોવટિયા અને નીપાબેન મકવાણા દ્વારા કરવામાં આવેલ હતું.

## જામનગરમાં અનાજ કરિયાણાની દુકાન ખાલી કરાવવાના પ્રશ્ને મહિલા પર હુમલો

જામનગર :" જામનગરમાં મયુર નગર આવાસ પાછળ પીઠડનગરમાં રહેતી અને પોતાની ઘરની અંદર દુકાન બનાવીને તેમાંથી અનાજ કરિયાણાનો વેપાર કરતી હેતલબેન નિલેશભાઈ ગઢવી નામની ૩૫ વર્ષની પરણિત મહિલાએ પોતાના ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પોતાની દુકાનના માલિક કિસન ઉર્ફે કચરો લખું ભાઈ જોગાણી અને તેના અન્ય ત્રણ સાગરીતો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મહિલા કે જે ભાડાની દુકાનમાં વેપાર કરે છે, તે દુકાન અને મકાન ખાલી કરાવવાના બહાને કિસન ઉર્ફે કચરો પોતાના અન્ય ત્રણ સાગ્રીતો સાથે છરી લાકડી જેવા હથીયાર સાથે ધસી આવ્યો હતો, અને હંગામો મચાવ્યા બાદ ઝપાઝપી કરીને હેતલબેન ગઢવીને માર માર્યો હતો, અને જગ્યા ખાલી કરી જવા માટે દબાણ કરી હેતલબેન અને તેના પતિને મારી નાખવાની ધમકી આપી હોવાથી આખરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## કુરંગા તથા ઓખા મઢી ફાયરીંગ રેન્જમાં અવર-જવર પર પ્રતિબંધ

દ્વારકા : દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી મુકામે ૧૯ જાન્યુઆરીથી ૧૩ માર્ચ દરમિયાન ફાયરીંગ પ્રેક્ટીસ યોજાનાર હોવાથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની જોગવાઈઓ અનુસાર જાહેરનામું બહાર પાડી ફાયરીંગ બટ વિસ્તારમાં જાહેર જનતાને પ્રવેશ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જાહેર જનતાની સલામતી માટે તેમના પ્રવેશને પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ જાહેરનામાના આદેશોનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

# જિલ્લા પંચાયત ખાતે જાગૃતિ સેમિનાર યોજાયો





જામનગર : જામનગર જિલ્લાની મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોના ભાગરૂપે ઝ શ્ર દ્રહ્મ એક્ટ-૧૯૯૪ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન જિલ્લા પંચાયત જામનગર ખાતે એ.એમ. શુક્લ (સચિવ - એડિશનલ સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ), જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જામનગરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. તેઓએ ઉપસ્થિત તમામ મેડિકલ ઓફિસરોને દીકરીના અસ્તિત્વને બચાવવાનો સંકલ્પ મજબૂત કરવા તથા લિંગ સમાનતાનો સંદેશ ફેલાવવાની અપીલ કરી હતી. સાથે PC & PND એક્ટ-૧૯૯૪ હેઠળ કરવામાં આવેલા કાયદાકીય સુધારા અને તેની અમલવારી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મેડિકલ ઓફિસરોને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડો. નૂપુર પ્રસાદ, ડો. પંકજકુમાર સિંઘ, ડો. રાજેશ ગુપ્તા, ડો. જયેશ પટેલ, નીરજ મોદી યજ્ઞેશ ખારેચા, તમામ મેડિકલ ઓફિસરો, બંસી ખોડિયાર, OSC સ્ટાફ વગેરે હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે PC & PNDT yuõx-1994નો મુખ્ય ઉદ્દેશ લિંગ પસંદગી આધારિત ગર્ભપાતને રોકવો તથા ગર્ભમાં જ દીકરીની હત્યા થતી અટકાવવાનો છે. ટેકનોલોજીનો ઉપયોગ માનવ કલ્યાણ માટે થવો જોઈએ અને જ્યારે તેનો દુરુપયોગ સમાજ માટે ઘાતક બને, ત્યારે આવા કડક કાયદાઓ જરૂરી બની જાય છે આ એક્ટ એ દિશામાં એક મજબૂત પગલું છે.

# જામનગરની લેઉવા પટેલ સમાજની પુત્રી મિરલ મોલિયાની બીએસએફમાં પસંદગી

જામનગર : જિલ્લાના વરણા ગામના મૂળ વતની અને હાલ જામનગરના ગોકુલનગર વિસ્તારમાં મુરલીધર નગર ખાતે સ્થાયી થયેલા એક સામાન્ય ખેડૂત પરિવારની ૨૨ વર્ષીય દીકરી મિરલબેન દિનેશભાઈ મોલિયાએ અદમ્ય સાહસ અને પુરુષાર્થનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. મિરલબેને ભારત દેશની પ્રતિષ્ઠિત બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બી.એસ.એફ.)માં જોડાઈને માત્ર પોતાના મોલિયા પરિવારનું જ નહી પરંતુ સમગ્ર લેઉવા પટેલ સમાજ અને હાલાર પંથકનું મસ્તક ગર્વથી ઊંચું કર્યું છે.





લેઉવા પટેલ સમાજની દીકરીઓ સામાન્ય રીતે અન્ય ક્ષેત્રોમાં આગળ હોય છે, પરંતુ દેશની રક્ષા કાજે ડિફેન્સમાં જોડાવાનો કદાચ આ વિરલ કિસ્સો હોવાથી સમાજમાં અનેરો આનંદ છવાયો છે. મિરલબેને ધોરણ ૧૦ પછી એસ.એસ.સી.જી.ડી. (સ્ટાફ સિલેક્શન કમિશન) દ્વારા લેવાતી અત્યંત કઠિન પરીક્ષાઓ પાસ કરી છે. ભુજ ખાતે ગ્રાઉન્ડ ટેસ્ટ અને રાજકોટ ખાતે લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ, તેમણે કડક મેડિકલ અને ફિઝિકલ ટેસ્ટ પણ સફળતાપૂર્વક પાર કરી હતી.

સમગ્ર ગુજરાતમાંથી પસંદગી પામેલી માત્ર ૨૨ યુવતીઓમાં અને જામનગર જિલ્લાની બે યુવતીઓમાં સ્થાન મેળવીને મિરલબેને સાબિત કર્યું છે કે ખેડૂતની દીકરી ધારે તો ખેતરથી લઈને સરહદ સુધીના કોઈપણ મોરચે વિજય મેળવી શકે છે. મિરલબેનને નાનપણથી જ દેશસેવા અને ડિફેન્સ ક્ષેત્રે જોડાવાનું એક વિશેષ આકર્ષણ હતું, જે સપનું આજે તેમના માતા-પિતાના આશીર્વાદ અને તેમની મહેનતથી સાકાર થયું છે.

આગામી ૨જી ફેબ્રુઆરીના રોજ મિરલબેન મોલિયા વિધિવત રીતે બી.એસ.એફ. જોઈન્ટ કરવા જઈ રહ્યા છે, જે તેમની કારકિર્દીની આ એક નવી શરૂઆત હશે. સરકાર દ્વારા તેમની નિયુક્તિ નોર્થ બંગાળના પંજીપારા ખાતે કરવામાં આવી છે, જ્યાં તેઓ દેશની સરહદની સુરક્ષાની જવાબદારી સંભાળશે. તેમની ફરજ માત્ર સીમાડા સાચવવાની જ નહીં, પરંતુ ત્યાં થતી પશુઓની તસ્કરી અને નશાકારક પદાર્થોની હેરફેર રોકવાની પણ રહેશે. આ પડકારજનક કામગીરીમાં તેઓ દૈનિક ૬ કલાકની સઘન ફરજ બજાવશે. આ સિદ્ધિ મેળવતા પહેલા તેમને મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લાના ટેકનપુર ગામ ખાતે ૪૪ અઠવાડિયાની કઠોર તાલીમ (ટ્રેનિંગ) આપવામાં આવી હતી, જે તેમને કડી મહેનત કરીને સક્ષમ સૈનિક તરીકેનું ઘડતર સફળ બનાવ્યું હતું. મિરલબેનનું આ સાહસ આજે જામનગર અને સમગ્ર ગુજરાતની અન્ય યુવતીઓ માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ બની ગયું છે.

# જામનગરમાં મુંબઈ ઈન્ડિયન્સની મહિલા ખેલાડીઓનું એરપોર્ટ પર આગમન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગરમાં ગઈકાલે હાલમાં રમાઈ રહેલા વુમન પ્રિમિયર લીગ (ડબલ્યુપીએલ)માં જોડાયેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમની ખેલાડીઓ આવી પહોંચી હતી. આ મહિલા ખેલાડીઓને નીહાળવા માટે જામનગર એરપોર્ટ પર ક્રિકેટપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઉમળકાભેર ટીમનું સ્વાગત કર્યા પછી તમામ ખેલાડીઓ રિલાયન્સ-વનતારા માટે રવાના થયા હતા.

## જિલ્લા પંચાયત દ્વારા પ્રકાશિત ડાયરી/કેલેન્ડર માટે જાહેરાત આપી શકાશે

જામનગર : જિલ્લા પંચાયત જામનગર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ની માહિતીસભર મેજ ડાયરી લોકભાગીદારીથી પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત સરકારના મંત્રીમંડળ, જુદા-જુદા વિભાગો, જામનગર અને અન્ય જિલ્લાઓની માહિતી, જામનગર શહેર/જિલ્લા તેમજ તાલુકા કક્ષાની તમામ અગત્યની સરકારી કચેરીઓના નામ તેમજ ફોન નંબરનો મેજડાયરીમાં સમાવેશ કરાશે. જેના થકી જિલ્લાની જનતાને પંચાયતી માળખાની તેમજ અનેક વિધ યોજનાઓની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થશે.

આ મેજડાયરીમાં સંસ્થાઓ શુભેચ્છા જાહેરાત પણ આપી શકશે. જેના ભાવો આ મુજબ છે. ફૂલ પેઈઝ (સાઈઝ:૯.૫૦" ૭.૨૫"), હાફ પેઈઝ, ક્વાટર પેઈઝ, ૧/૮ પેઈઝ, ૧/૧૬પેઈઝના ફોર કલરમાં જાહેરાતના દર અનુક્રમે રૂ.૩૦,૦૦૦, રૂ.૧૫૦૦૦, રૂ.૭૫૦૦, રૂ.૩૭૫૦, રૂ.૨૦૦૦ તથા સિંગલ કલરમાં જાહેરાતના દર અનુક્રમે રૂ.૨૦,૦૦૦, રૂ.૧૦,૦૦૦, રૂ,૫૦૦૦, રૂ.૨૫૦૦, રૂ.૧૦૦૦ નક્કી કરવામાં આવ્યા છે.

લોકભાગીદારીથી જાહેરાતો મેળવી તેમજ મેળવેલ જાહેરાતોના મુસદ્દા બટરપેપરમાં તૈયાર કરીને જાહેરાતની રકમ જિલ્લા વિકાસ અધિકારી જામનગરના નામનો એકાઉન્ટ પેઈ ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે જિલ્લા પંચાયતની સામાન્ય શાખામાં તા.૨૭-૦૧-૨૦૨૬ સુધીમાં મોકલવાનો રહેશે. તેમ જિલ્લા પંચાયત જામનગર, સમાન્ય શાખા દ્વારા બહાર પાડવામાં આવેલ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એસ.બી.શર્મા પબ્લિક સ્કૂલ દ્વારા એન્યુઅલ સ્પોર્ટ્સમીટમાં એવોર્ડ સેરેમની યોજાઈ



જામનગર : એસ.બી.શર્મા પબ્લિક સ્કૂલ ખાતે શાળાનો વાર્ષિક રમતોત્સવ ઉત્સાહ અને આનંદભેર સંપન્ન થયો. કાર્યક્રમમાં ૭૯-જામનગર (દક્ષિણ)ના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા યુવા વિકાસ અધિકારી જામનગર એમ.આઈ. પઠાણ તથા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શિવસાગર બી. શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે એજયુકેશન ડાયરેકટર પ્રતિક શર્મા, ડો. સોનમ શર્મા તથા શાળાના આચાર્ય ડો. પુજા એસ. શર્માની ઉપસ્થિતીમાં વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને મેડલ તથા ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓએ રમતગમત દ્વારા શિસ્ત, ટીમભાવના અને રમતિયાળ ભાવના દર્શાવી હતી.

આ ૧૦૦/૨૦૦ મીટર દોડ / કોન બેલેસિંગ/જલેબી રેસ/પીપથ કોણ/રીન્ક્રોસ રેસ / લોંગ જંપ /સોલ સાઈકલ /કબડી /ખોખો /હાઉસ ગેમ/ ટગોફર/ સહીત તા. ૫થી ૧૧/૧/ ૨૦૨૬ સુધી અલગ અલગ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન શાળાના આચાર્ય ડો. પુજા શર્માના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. શાળાના કોર્ડિનેટર બિજોલી રોય, અનિતા શર્મા, જીતેન્દ્ર સિંધ, રાહુલ જોષી, સ્પોર્ટ્સ શિક્ષક ધાર્મિક ગૌસ્વામી તથા શાળાના વિદ્યાર્થીઓની સંયુક્ત મહેનતથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

# ભોઈ જ્ઞાતિ યુવક મંડળ રાત્રી શાળા દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાઈ







તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ભોઇ જ્ઞાતિ યુવક મંડળ રાત્રિશાળા, જામનગર દ્વારા ૯૭માં વાર્ષિક મહોત્સવ નિમિત્તે તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ થી ૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રમતગમત સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકો, યુવાનો તથા સમાજના સભ્યોમાં શૈક્ષણિક જાગૃતિ, શારીરિક સ્વસ્થતા, સાંસ્કૃતિક મૂલ્યો અને સામૂહિક એકતાનો વિકાસ કરવાનો હતો.

આયોજિત સ્પર્ધાઓ : નિબંધ લેખન (જૂનિયર અને સિનિયર), સુલેખન સ્પર્ધા, ૧૦૦, ૪૦૦ અને ૮૦૦ મીટર દોડ, વેઈટ લિફ્ટિંગ, બાળ રમતો (લીંબુ-ચમચી, કોથળા દોડ, હુલા હુપ, મ્યુઝિકલ ચેર, પેપર ચેઈન) વેશભૂષા (ફેન્સી ડ્રેસ), વતૃત્વ સ્પર્ધા તેમજ પ્રથમ વખત Box Turf Cricket Tournament - 2026 (સિનિયર તથા કિડ્સ વિભાગ) આયોજન કરવામાં આવ્યું.

સમાપન સમારોહ તા. ૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ, ભોઈ સમાજ વાડી, જામનગર ખાતે, પ્રભાત ફેરી, ઈનામ વિતરણ અને વાર્ષિકોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવ આપ્યું કૃષ્ણાબેન કમલેશભાઈ સોઢા (ડેપ્યુટી મેયર, જામનગર મહાનગરપાલિકા), આશાબેન નટુભાઇ રાઠોડ(કોર્પોરેટર, વોર્ડ નં. ૧૦, જામનગર), નટુભાઇ રાઠોડ (પૂર્વ કોર્પોરેટર વોર્ડ નં ૧૦), ભાનુમતીબેન મહેતા, અરવિંદભાઈ મહેતા અને જ્યોતિબેન ટી. મહેતા જ્ઞાતિ આગેવાનો તેમજ ગૌતમભાઇ, કાજલબેન સોની, તેજલબેન પાટલિયા. વેશભૂષા (ફેન્સી ડ્રેસ) અને વતૃત્વ સ્પર્ધા ઈવેન્ટ જજ હાજરી આપી હતી. સુરેશભાઈ વારા અને દર્શનાબેન કુંભારાણાએ નિબંધ લેખન અને સુલેખન સ્પર્ધાના જજ તરીકે યોગદાન આપેલ હતું. સંસ્થાના પ્રીતેશ પ્રભુલાલ મહેતા - પ્રમુખ, મિતેશ એસ. દાઉદિયા-માનદ મંત્રી તેમજ કમલભાઈ રાઠોડ - સમિતિ સભ્ય તેમજ કાર્યકારી સમિતિએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ભોઇ જ્ઞાતિ યુવક મંડળ રાત્રિશાળાના કાર્યને બિરદાવ્યું અને બાળકોના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયત્નોને અભિનંદન આપ્યા. તેમણે ભવિષ્યમાં પણ રાત્રિશળા એક શૈક્ષણિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે નવા આયામો સ્થાપે તેવી શુભકામનાઓ પાઠવી અને સમાજ માટે આ પ્રકારના કાર્યક્રમો પ્રેરણાદાયક હોવાનું જણાવ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમાજના દાતાઓ, સ્વયંસેવકો, સંચાલક સમિતિ, વાલીઓ અને યુવાનોનો અવિરત સહયોગ મળ્યો. આયોજક સમિતિએ તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી આગામી વર્ષોમાં પણ વધુ ઉત્તમ આયોજન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

## અવસાન નોંધ



**જામનગર :** જામનગર નિવાસી નરસિંહભાઈ પ્રેમજીભાઈ દાઉદિયાના પત્ની રમીલાબેન (ઉંમર ૭૮) તેઓ જયેશભાઈ, વિશાલભાઈ, સુનીતાબેન અરવિંદભાઈ મહેતા, કામિનીબેન ધર્મેન્દ્રભાઈ જેઠવાના માતાનું તા.૨૨ને ગુરુવારના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું આજે સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભોળેશ્વર મહાદેવ મંદિર, ધુવાવ નાકા પાસે, સમસ્ત શ્રી ભોઈ જ્ઞાતીની વાડી, સુભાષ શાક માર્કેટ પાછળ, જામનગર ખાતે રાખવામાં આવ્યું છે.

**જામનગર :** જામનગર નિવાસી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી બ્રાહ્મણ જ્ઞાતિ (વહેવાર વાળા) અમારા માતુશ્રી ગં.સ્વ. લીલાવંતી બેન રામચંદ્રભાઈ પંડયા (ઉ.વ. ૯૭) નું આજે સવારે તા. ૨૨/૧/૨૦૨૬ ગુરૂવાર ના રોજ કૈલાશવાસી થયેલ છે. તેઓ સ્વ. રામચંદ્ર જેઠાલાલ પંડયા ના ધર્મપત્ની, કુમુદબેન, તરૂબેન, શરદભાઇ( નેશનલ સ્કૂલ), સ્વ પ્રહલાદભાઇ( જી. જી. હોસ્પિટલ), કિશોરભાઈ(બેન્ક ઓફ બરોડા), અશોકભાઇ( એમ. પી. શાહ મેડીકલ કોલેજ) ના માતુશ્રી, બકુલાબેન, વર્ષાબેન, પ્રીતીબેન, રાજેશ્રીબેન, ના સાસુમાં, મનોજકુમાર વ્યાસ, ગીરીશકુમાર જાની ના સાસુમાં, રવિન્દ્ર, અર્ચના, નિશાંત, ગૌરવ, નમ્રતા, દિશીતા, દેવાંગ, હરિઓમ, પુજા ના દાદી માં નું બેસણું આવતીકાલે શુક્રવારે સાંજે ૫ થી ૫.૩૦ કલાકે, પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ભાઈઓ અને બહેનો માટે રાખેલ છે.

# ગેરકાયદેસર ખાણકામથી એવું નુકસાન થયું છે જે ભરપાઈ કરવું અશક્ય : સુપ્રીમ કોર્ટ

## અરવલ્લી ક્ષેત્રમાં ખાણકામ અને સંરક્ષણ અંગેના વધુ નિર્ણયો સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવનાર નિષ્ણાત સમિતિના અહેવાલના આધારે લેવામાં આવશે

જયપુર,

સુપ્રીમ કોર્ટે અરવલ્લી પર્વતમાળામાં ગેરકાયદેસર ખાણકામ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, અને કહ્યું છે કે તેનાથી પર્યાવરણને ન ભરવાપાત્ર નુકસાન થઈ શકે છે. આ મુદ્દા પર કડક વલણ અપનાવતા, કોર્ટે અરવલ્લી પ્રદેશમાં ખાણકામ અને તેના સંબંધિત તમામ પાસાઓની વ્યાપક તપાસ કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે અરવલ્લી પ્રદેશ જેવા



સંવેદનશીલ પ્રદેશમાં ગેરકાયદેસર ખાણકામ માત્ર પર્યાવરણ માટે જ નહીં પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે પણ ગંભીર ખતરો છે.

કોર્ટે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી અને એમિકસ ક્યુરી કે. પરમેશ્વરને ચાર અઠવાડિયામાં ખાણકામ સંબંધિત બાબતોમાં નિષ્ણાત પર્યાવરણવાદીઓ અને વૈજ્ઞાનિકોના નામોની ભલામણ કરીને ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સમિતિ સુપ્રીમ કોર્ટની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે.

સુનાવણી દરમિયાન, કોર્ટને જાણ કરવામાં આવી હતી કે અરવલ્લી પ્રદેશના વિવિધ ભાગોમાં ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિઓ થઈ રહી છે. રાજસ્થાન સરકારનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ. નટરાજે કોર્ટને ખાતરી આપી હતી કે રાજ્યમાં કોઈ ગેરકાયદેસર ખાણકામને મંજૂરી આપવામાં આવશે નહીં.

આ દરમિયાન, સુપ્રીમ કોર્ટે અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની એકસમાન વ્યાખ્યા અંગેના ૨૦ નવેમ્બરના આદેશને સ્થગિત કરવાના પોતાના નિર્ણયને સમર્થન આપ્યું છે. કોર્ટે અગાઉ જણાવ્યું હતું કે નવી વ્યાખ્યામાં ગંભીર અસ્પષ્ટતાઓ છે જેનો ઉકેલ લાવવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે ૨૦ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં ફેલાયેલી અરવલ્લી પર્વતમાળામાં નવી ખાણકામ લીઝ જારી કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

# વસ્તી ગણતરીમાં અવરોધ ઊભો કરનારને ત્રણ વર્ષ સુધીની જેલ

## યુપી સરકારે જાહેરનામું બહાર પાડ્યું વિભાગીય સ્તરથી તહસીલ સ્તર સુધીના અધિકારીઓની જવાબદારી સ્થાપિત કરવામાં આવી



લખનૌ,

ઉત્તર પ્રદેશમાં વસ્તી ગણતરી પ્રક્રિયાને ઔપચારિક બનાવવાના પ્રયાસો તેજ બન્યા છે. સરકારે મંગળવારે એક જાહેરનામું બહાર પાડ્યું, જેમાં વિભાગીય સ્તરથી તહસીલ સ્તર સુધીના અધિકારીઓની જવાબદારી સ્થાપિત કરવામાં આવી છે. જાહેરનામામાં ખાસ કરીને વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ ની કલમ ૧૧ નો ઉલ્લેખ છે, જેમાં વસ્તી ગણતરીમાં અવરોધ ઊભો કરનાર અથવા અવગણના કરનારને સજાની જોગવાઈ છે. જાહેરનામા અનુસાર, વસ્તી ગણતરીમાં અવરોધ ઊભો કરનાર કોઈપણને ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અને ત્રણ વર્ષ સુધીની જેલ થઈ શકે છે.

રાજ્યમાં મે-જૂનમાં ઘર સર્વેક્ષણ કરાવવાનું આયોજન છે. ગણતરીકારો ઘરે ઘરે જઈને સંસાધનો વિશે માહિતી એકત્રિત કરશે. આ પહેલા, કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે. પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે, વિભાગો, જિલ્લાઓ, તહસીલો, મ્યુનિસિપલ કોર્પોરેશનો, મ્યુનિસિપલ કાઉન્સિલો, નગર પરિષદો, છાવણી બોર્ડ અને ઔદ્યોગિક સત્તાવાળાઓમાં વસ્તી ગણતરી હાથ ધરવા માટે જવાબદાર અધિકારીઓની યાદી બહાર પાડવામાં આવી છે.

# સરકાર બેલેટ પેપરથી ડરે છે, ચૂંટણી પંચ કોંગ્રેસને હરાવી રહ્યું છે : નાના પટોલ

મુંબઇ,

મહારાષ્ટ્ર કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ નાના પટોલેએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. પટોલેએ કહ્યું, "બેલેટ પેપરનો ઉપયોગ કરીને એક ચૂંટણી કરાવો અને જુઓ શું થાય છે." તેમણે કહ્યું કે ભાજપ નહીં પણ ચૂંટણી પંચ કોંગ્રેસને હરાવી રહ્યું છે. પટોલેએ કહ્યું કે જંગલ નક્સલીઓનો નાશ કરવામાં આવ્યો છે. સરકાર તેમને મળતા સમર્થન અંગે કંઈ કરી રહી નથી.પટોલેએ કહ્યું કે જ્યારે શહેરી નક્સલીઓની વાત આવે છે, ત્યારે સરકારે જાહેર સુરક્ષા કાયદો ઘડ્યો છે, જે લોકોને શહેરી નક્સલી જાહેર કરવાની અને તેમની સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપે છે. શહેરી નક્સલી ચળવળના ઉદય પાછળનો હેતુ શું છે? સરકારે તેનો હેતુ સ્પષ્ટ કરવો જોઈએ.

એઆઈએમઆઈએમ અંગે, નાના પટોલેએ કહ્યું કે કેટલાક ભગવા વિશે વાત કરે છે, જ્યારે અન્ય લીલા વિશે વાત કરે છે. આપણે ત્રિરંગા વિશે વાત કરીએ છીએ; ત્રિરંગા આપણું સન્માન છે. એકનાથ શિંદે અંગે પટોલેએ કહ્યું કે દબાણની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. જો કોઈ કોર્પોરેટરને હોટલમાં રાખવામાં આવ્યો હોય, તો ભાજપ તરફથી દબાણ હોવું જોઈએ. એકનાથ શિંદે દબાણ હેઠળ છે. અજિત પવાર અને એકનાથ શિંદે ભાજપ તરફથી દબાણ હેઠળ છે.નાનાએ વધુમાં કહ્યું કે મંત્રાલયની બધી ફાઈલો મુખ્યમંત્રી કાર્યાલયમાંથી પસાર થાય છે. તેમણે વધુમાં કહ્યું કે શિંદે ડરતા હતા.

# નવી દિલ્હી ખાતે ત્રિદિવસીય ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરિષદનો પ્રારંભ

## કાર્યક્રમમાં "ઈન્ડિયા ડિસાઈડ્સ" ડોક્યુસિરીઝની ઝલક પ્રદર્શિત કરાઈ

નવી દિલ્હી,

ભારતના ચૂંટણી પંચ દ્વારા આયોજિત ૩-દિવસીય ’ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પરિષદ’ ૨૦૨૬ નો આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પ્રારંભ થયો. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણી કમિશનરો ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ આશરે ૯૦ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓનું ઔપચારિક સ્વાગત કર્યું.

આ ભવ્ય ઉદઘાટન સત્રમાં ૪૨ ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ ના પ્રતિનિધિઓ, ૨૭ દેશોના રાજદૂતો/હાઈ કમિશનરો, ૭૦ થી વધુ રાષ્ટ્રીય સંસ્થાઓના નિષ્ણાતો અને ભારતના ૩૬ મુખ્ય નિર્વાચન અધિકારીઓ સહિત આશરે ૧,૦૦૦ આમંત્રિત મહેમાનોએ હાજરી આપી હતી. આ પ્રસંગે મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે, છેલ્લા દાયકાઓમાં ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓની કામગીરીમાં મોટું પરિવર્તન આવ્યું છે. ભારત, વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે, ૧.૫ અબજની વસ્તી અને ૨૮ રાજ્યો તથા ૮ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અભૂતપૂર્વ સ્તરે ચૂંટણીઓનું સંચાલન કરે છે.

ચૂંટણી કમિશ્નર ડૉ. સુખબીર સિંહ સંધુએ નાગરિકોના વિશ્વાસને અમૂલ્ય ગણાવતા કહ્યું કે દરેક ચૂંટણીના કેન્દ્રમાં નાગરિક હોય છે. નાગરિકોની પસંદગીનું સન્માન જળવાય તે જોવાની સામૂહિક જવાબદારી ચૂંટણી સંસ્થાઓની છે. જ્યારે ચૂંટણી કમિશ્નર ડૉ. વિવેક જોશીએ પોતાના સંબોધનમાં ઉમેર્યું હતું કે, IICDEM-2026 ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અને યોગદાન આપનારા સંશોધકો, વિદ્યાર્થીઓ અને નિષ્ણાતોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની છે. આ અવસરે IIIDEMના DG શ્રી રાકેશ વર્માએ થીમ ’સર્વસમાવેશક, શાંતિપૂર્ણ, મક્કમ અને ટકાઉ વિશ્વ માટે લોકશાહી’ પર પ્રકાશ પાડીને ૨૧મી સદીમાં લોકશાહીના વ્યાપક અને બહુપરિમાણીય ઉદ્દેશ્યો સ્પષ્ટ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના સહયોગથી નિર્મિત ડોક્યુસિરીઝ "ઈન્ડિયા ડિસાઈડ્સ" ની ઝલક દર્શાવવામાં આવી હતી. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અર્જુન નોહવારે જણાવ્યું હતું કે, આ ડોક્યુસિરીઝ વિશ્વના સૌથી જટિલ મેન્ડેટ ધરાવતી સંસ્થાની કામગીરી અને સામાન્ય ચૂંટણીઓને દ્રશ્યોના માધ્યમથી રજૂ કરે છે.

# જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેની હત્યા કરનારને આજીવન કેદની સજા

## શિન્ઝો આબે પર ચૂંટણી પ્રચાર દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો

ટોક્યો,

કોર્ટે જાપાનના ભૂતપૂર્વ વડા પ્રધાન શિન્ઝો આબેની હત્યા કરનાર વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારી છે. ઉલ્લેખનીય છે કે શિન્ઝો આબે પર ચૂંટણી પ્રચાર દરમિયાન હુમલો કરવામાં આવ્યો હતો.

શિંઝો પર હુમલો કરનાર વ્યક્તિએ પોતાનો ગુનો કબૂલ્યો. ત્યારબાદ, જાપાનની એક કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી. ગુનેગારની ઓળખ ૪૫ વર્ષીય તેત્સુયા યામાગામી તરીકે થઈ હતી. યામાગામીએ અગાઉ જુલાઈ ૨૦૨૨ માં નારા શહેરમાં ચૂંટણી પ્રચાર ભાષણ દરમિયાન આબેની હત્યા કરવાની કબૂલાત કરી હતી.

શિન્ઝો આબે દેશના પશ્ચિમ ભાગમાં આવેલા નારામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા, ત્યારે તેમને પાછળથી ગોળી વાગી હતી. ગોળી વાગ્યા બાદ શિન્ઝોને હૃદયરોગનો હુમલો આવ્યો અને હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું. ગોળીબાર કરનાર, તેત્સુયા યામાગામીની ઘટનાસ્થળે ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, યામાગામી શિન્ઝોની નીતિઓથી નાખુશ હતા અને તેમને મારવાનો ઈરાદો ધરાવતા હતા. ગોળીથી શિન્ઝોના ગળામાં ઈજા થઈ હતી.

# ટ્રમ્પ પ્રેરિત ગાઝા બોર્ડ ઓફ પીસમાં સામેલ થવા ચીનનો સ્પષ્ટ નનૈયો

## ચીને અમેરિકાની ગાઝામાં શાંતિ સ્થાપવાની વાતને સંયુક્ત રાષ્ટ્ર સંગઠન સમકક્ષ સંગઠન રચવાની કવાયત સમાન ગણાવી




બેઈજિંગ

ચીને ગાઝા બોર્ડ ઓફ પીસમાં સામેલ થવાનો ઈનકાર કરીને અમેરિકાને આંચકો આપ્યો છે. ચીને સ્પષ્ટ કર્યું છે કે જો આ બોર્ડ સંયુકત રાષ્ટ્રના નેતુત્વમાં નહી હોય તો તેમાં સામેલ નહી થાય. ચીને આ મુદ્દે સંયુક્ત રાષ્ટ્રને તેના મૂળમાં રાખીને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રત્યે પોતાની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

આ અંગે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ચીન હંમેશા સાચા બહુપક્ષીયવાદ પ્રત્યે પ્રતિબદ્ધ રહ્યું છે અને સંયુક્ત રાષ્ટ્રને તેના મૂળમાં રાખીને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનું નિશ્ચિતપણે રક્ષણ કરશે. ગુઓએ આ નિવેદન ટ્રમ્પના તે નિવેદન પર પ્રતિક્રિયા આપતા આપ્યું હતું જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર ચાલુ રહેવું જોઈએ.પરંતુ તેમનું પ્રસ્તાવિત ’બોર્ડ ઓફ પીસ’ કદાચ સંગઠનનું સ્થાન લઈ શકે છે.

ચીને વધુમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ગમે તેટલી બદલાય ચીન આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય કાયદા પર આધારિત સિસ્ટમ અને યુએન ચાર્ટરના હેતુઓ અને સિદ્ધાંતો પર આધારિત આંતરરાષ્ટ્રીય સંબંધોના મૂળભૂત ધોરણોનું રક્ષણ કરશે. ચીને પુષ્ટિ કરી છે કે તેને યુએસ તરફથી શાંતિ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ મળ્યું છે. જ્યારે પૂછવામાં આવ્યું કે શું ટ્રમ્પ સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસમાં શાંતિ બોર્ડને ઔપચારિક બનાવવા માટે હસ્તાક્ષર સમારોહનું આયોજન કરશે. ત્યારે ચીની પ્રતિનિધિ હાજરી આપશે. ત્યારે ગુઓએ કહ્યું કે ચીને શાંતિ બોર્ડના મુદ્દા પર પોતાનું વલણ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દાવોસમાં "શાંતિ બોર્ડ" ની જાહેરાત કરવાની યોજના ધરાવે છે. જે ગાઝામાં ઈઝરાયલ-હમાસ યુદ્ધ વિરામની દેખરેખ રાખશે. જેમાં અત્યાર સુધીમાં અમુક નેતાઓએ હાજરી આપવા માટે આમંત્રણો સ્વીકાર્યા છે. જેમાં ઘણા મુખ્ય યુરોપિયન દેશોએ ઈનકાર કર્યો છે અથવા કોઈ પ્રતિબદ્ધતા વ્યક્ત નથી કર. ચીને સ્પષ્ટ કહ્યું છે કે તે યુએનની બહાર કોઈપણ વૈકલ્પિક વ્યવસ્થામાં ભાગ લેશે નહી.

# અમેરિકા ઈરાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખશે : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

## ખામેની તરફ ખરાબ ઈરાદા સાથે હાથ લંબાવશે, તો અમે ફક્ત તે હાથ કાપી નાખીશું: અબુલ ફઝલ શેકાર્ચી

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાન અંગે કડક નિવેદન આપ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે જો ઈરાન તેમની હત્યા કરવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા ઈરાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખશે. અમેરિકન રાષ્ટ્રપતિએ ન્યૂઝનેશનના કાર્યક્રમ "કેટી પાવલિચ ટુનાઈટ" માં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, "મેં મારા અધિકારીઓને કડક સૂચના આપી છે કે જો કંઈ થશે તો તેઓ ઈરાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખશે." ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ ચરમસીમાએ છે.

ટ્રમ્પના નિવેદનના જવાબમાં, ઈરાની લશ્કરી પ્રવક્તા જનરલ અબુલ ફઝલ શેકાર્ચીએ કહ્યું, "ટ્રમ્પ જાણે છે કે જો કોઈ આપણા સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ અલી ખામેની તરફ ખરાબ ઈરાદા સાથે હાથ લંબાવશે, તો અમે ફક્ત તે હાથ કાપી નાખીશું નહીં પરંતુ તેમના સમગ્ર વિશ્વને આગ લગાવી દઈશું." આ ચેતવણી ટ્રમ્પના તે નિવેદન પછી આવી છે જેમાં તેમણે ખામેનીના લગભગ ૪૦ વર્ષના શાસનનો અંત લાવવાની વાત કરી હતી. ટ્રમ્પે અગાઉ ઈરાનને ચેતવણી આપી હતી, જો ઈરાન તેમની સામે કોઈ હત્યાનું કાવતરું ઘડે તો તેમના સલાહકારોને ઈરાનને સંપૂર્ણપણે નાશ કરવાનો નિર્દેશ આપ્યો હતો.ટ્રમ્પે ખામેનીને બીમાર માણસ કહ્યા. શેકાર્ચીનું આ નિવેદન ટ્રમ્પના પોલિટિકો સાથેના ઈન્ટરવ્યુ પછી આવ્યું છે, જેમાં તેમણે ખામેનીને "એક બીમાર માણસ" તરીકે વર્ણવ્યા હતા જેમણે "પોતાનો દેશ યોગ્ય રીતે ચલાવવો જોઈએ અને લોકોની હત્યા બંધ કરવી જોઈએ." ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ઈરાનને નવા નેતૃત્વની જરૂર છે.

# અટલ પેન્શન યોજના ૨૦૩૧ સુધી લંબાવવામાં આવી, લાખો લોકોને ગેરંટીકૃત પેન્શન મળશે

## અટલ પેન્શન યોજના હેઠળ, પાત્ર લાભાર્થીઓને ૬૦ વર્ષની ઉંમર પછી ૧,૦૦૦ થી ૫,૦૦૦ સુધીની ગેરંટીકૃત માસિક પેન્શન મળે છે

નવીદિલ્હી,

મોદી સરકારે અટલ પેન્શન યોજના (એપીવાય) અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જે લાખો અસંગઠિત અને ઓછી આવક ધરાવતા કામદારોને નોંધપાત્ર રાહત આપે છે. બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ૨૦૩૦-૩૧ સુધી આ યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. આ નિર્ણયનો સીધો લાભ એવા કામદારોને થશે જેમની પાસે નિવૃત્તિ પછી નિયમિત આવકનો સ્ત્રોત નથી. સરકારના આ પગલાને વૃદ્ધાવસ્થામાં નાણાકીય સુરક્ષાને મજબૂત બનાવવાની દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

મંત્રીમંડળના નિર્ણય હેઠળ, અટલ પેન્શન




યોજના માટે સરકારી સહાય ચાલુ રહેશે. આમાં પ્રમોશનલ, ક્ષમતા નિર્માણ અને વિકાસ પ્રવૃત્તિઓ માટે ભંડોળનો સમાવેશ થાય છે. યોજનાની નાણાકીય ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે ગેપ ફંડિંગને પણ મંજૂરી આપવામાં આવી છે, જેથી ભવિષ્યમાં પેન્શન ચૂકવણીમાં કોઈ વિક્ષેપ ન આવે.અટલ પેન્શન યોજના હેઠળ, પાત્ર લાભાર્થીઓને ૬૦ વર્ષની ઉંમર પછી ૧,૦૦૦ થી ૫,૦૦૦ સુધીની ગેરંટીકૃત માસિક પેન્શન મળે છે. પેન્શનની રકમ લાભાર્થીના યોગદાન પર આધારિત છે. આ યોજના ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારો, દૈનિક વેતન મજૂરો, નાના વ્યવસાયો અને ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતા લોકો માટે બનાવવામાં આવી છે જેમને કોઈપણ ઔપચારિક પેન્શન સુવિધાની ઍક્સેસ નથી.

સરકાર જણાવે છે કે અટલ પેન્શન યોજના વૃદ્ધાવસ્થામાં લોકોને નિયમિત આવક સહાય પૂરી પાડે છે અને વધુ લોકોને નાણાકીય વ્યવસ્થા સાથે જોડવામાં મદદ કરે છે.

# ભોપાલમાં હોબાળો: મેયરના બંગલાને ઘેરી લેવામાં આવ્યો, હોર્ડિંગ પર શાહીથી દાઢી દોરવામાં આવી

## હિન્દુ ઉત્સવ સમિતિ અને અન્ય સંગઠનોનો આરોપ છે કે શહેરમાં લાંબા સમયથી એક સંગઠિત ગૌમાંસ તસ્કરી નેટવર્ક સક્રિય છે

ભોપાલ,

ગૌમાંસની તસ્કરીના આરોપો પર હિન્દુ સંગઠનોએ મેયર માલતી રાયના બંગલાને ઘેરી લીધો અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરી. વિરોધીઓએ મેયરના નામપત્ર અને બિલબોર્ડ પરના ફોટા પર શાહી રેડી અને ફોટા પર દાઢી દોરી, તેને "મુલ્લા માલતી રાય" કહ્યું. સંગઠનોનો આરોપ છે કે આટલું મોટું નેટવર્ક મ્યુનિસિપલ કોર્પોરેશનની જાણકારી વિના કામ કરી શકે નહીં અને જ્યાં સુધી સમગ્ર નેટવર્ક અને તેના માસ્ટરમાઈન્ડ સામે કડક કાર્યવાહી ન થાય ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે.

ભોપાલમાં ગૌમાંસની તસ્કરીના આરોપો પર હિન્દુ સંગઠનોએ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેમણે મેયર માલતી રાયના બંગલાનો ઘેરાવ કર્યો અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી. બંગલાની બહાર હનુમાન ચાલીસાનું પણ પાઠ કરવામાં આવ્યું. વિરોધ દરમિયાન બજરંગ દળના કાર્યકરોએ મેયર માલતી રાયના નામની પ્લેટ અને બિલબોર્ડ પરના ફોટા પર શાહી રેડી.

પ્રદર્શનો કરનારાઓએ હોર્ડિંગ પર શાહીથી દાઢી રંગી હતી, જેના પર "મુલ્લા માલતી રાય" લખેલું હતું. કાર્યકરોએ કહ્યું કે તે મ્યુનિસિપલ કોર્પોરેશનની ભૂમિકા અને કતલખાનામાં કથિત ગૌહત્યા કેસ સામે કાર્યવાહી ન થવાનો પ્રતિકાત્મક વિરોધ હતો. એસીપી અંકિતા ખટારકરે જણાવ્યું હતું કે વિરોધ પરવાનગી વિના કરવામાં આવ્યો હતો, અને તેથી, બીએનએસની કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

મેયરના બંગલા સામે વિરોધ પ્રદર્શન કરતા, હિન્દુ સંગઠનોના કાર્યકરોએ મેયર માલતી રાયના રાજીનામાની માંગણી કરી. કાર્યકરોએ જણાવ્યું હતું કે જવાબદારો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે. તેઓએ બંગલાની દિવાલો પર "મેયર રાજીનામુ આપો" લખ્યું. મેયરના બંગલાની બહારના હોર્ડિંગ્સ પર શાહી લગાવવામાં આવી હતી અને દાઢી મુંડવામાં આવી હતી. મેયર માલતી રાયના નામની પ્લેટ પણ શાહી લગાવવામાં આવી હતી.

# જામનગરમાં પેટ શોપમાં અકસ્માતે આગ ભભૂકતા દોડધામ

## પિંજરામાં રાખેલ એક શ્વાન અને ચાર પક્ષીઓના ગુંગણામણના કારણે મૃત્યુ : ફાયરે અન્ય પશુ પક્ષીઓને બચાવી લીધા








તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ગોકુલ નગર જકાતનાકા વિસ્તારમાં આવેલી પેટ પેલેસ નામની દુકાનમાં ગઈકાલે રાત્રિના અરસામાં અકસ્માતે શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, જેને કારણે ભારે દોડધામ થઈ હતી. દુકાનના માલિક હરેશ ગોસ્વામી કે જેઓ દુકાન બંધ કરીને ઘરે ગયા હતા, ત્યારબાદ દુકાનમાં શોર્ટ સર્કિટ થઈ હોવાના કારણે આગ લાગી ગઈ હોવાથી તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

જેથી ફાયર સ્ટેશન ઓફિસર કામિલ મહેતા, રાકેશ ગોકાણી તથા અન્ય ફાયરના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા, અને સૌ પ્રથમ પાણીનો મારો ચલાવી આગને બુજાવી દીધી હતી. ત્યારબાદ અંદર જઈને નિરીક્ષણ કરતાં કેટલાક પક્ષીઓ અને પ્રાણી વગેરેને પિંજરામાં રાખવામાં આવ્યા હતા, જે પિંજરા વગેરેને તાત્કાલિક બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો હતો.

પરંતુ આગના ધુમાડા અને ગૂંગળામણના કારણે બજરીગર અને લવબર્ડ પ્રજાતિના ચાર પક્ષીઓના સ્થળ પર જ મૃત્યુ નીપજ્યા હતા, જ્યારે એક ડોગનું સ્થળ પર જ મૃત્યુ નીપજ્યું હતું.

પિંજરામાં રહેલા અન્ય સાત ડોગને બચાવી લઈ અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યા છે, અને પશુચચિકિત્સક દ્વારા તેઓને તાત્કાલિક સારવાર કરવામાં આવી રહી છે. સાથો સાથ અંદર રહેલા ૧૨ પક્ષીઓને પણ બચાવી લેવામાં આવ્યા છે, અને તેની પણ સારવાર ચાલી રહી છે. દુકાનમાં ઈલેક્ટ્રીક વાયરીંગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે.

# દ્વારકામાં યુવાનની છાતીમાં લોખંડનો સળિયો ઘૂસી જતા મોત નીપજ્યું



મૃતકનો ફાઈલ ફોટો

દ્વારકા : દ્વારકામાં ઈલેક્ટ્રિક કામ દરમિયાન લોખંડનો સળિયો યુવાનના છાતીના ભાગે ઘૂસી જતા તેનું મૃત્યુ નિપજતા પરિવારમાં ભારે કરુણતા પ્રસરી ગઈ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા શહેરમાં ફ્રિરીઝ અને ઈલેક્ટ્રિકનું કામ કરતા જીતેન્દ્રભાઈ હરજીભાઈ કણજરીયા મોડી સાંજે અહીં આર. કે. નગરમા ઈલેક્ટ્રિકનું કામ કરતા હોય દરમિયાન એકાએક નીચે પટકાયા હતા જેથી લોખંડનો સળિયો તેઓના છાતીના ભાગે ઘૂસી જતા તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં પ્રથમ દ્વારકા બાદ ખંભાળિયાની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવતા હોઈ પરંતુ માર્ગમાં જ તેઓનું મૃત્યુ નિપજતા પરિવારમા હૈયાફાટ રુદન છવાય ગયુ હતું. બીજી તરફ આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વધુ તપાસ આરંભી હતી. મૃતક જીતેન્દ્રભાઈ પરણિત હતા અને તેઓને સંતાનમાં બે દીકરીઓ છે.

# જામનગરના ઓટો કન્સલ્ટના ધંધાર્થીને અમદાવાદની મહિલાએ ૨ લાખનું માર્યું બુચ

## પોતાની કાર વેચવા ગૂગલ પે મારફત રૂપિયા પડાવી લઈ ઉપરથી ધમકી આપી

જામનગર : જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા અને ઓટો બ્રોકર તરીકેની પેઢી ચલાવતા મોહમ્મદભાઈ દોસ્તમહમદભાઈ શમાએ કારના વેચાણના બહાને પોતાની પાસેથી રૂપિયા બે લાખ દસ હજારની રકમ પડાવી લઈ કાર નહીં આપી છેતરપિંડી કરવા અંગે અમદાવાદમાં જગદંબા હોમ ત્રાગડ બસ સ્ટેન્ડ પાસે રહેતી બીનીતાબેન ગોવિંદભાઈ પટેલ નામની મહિલા સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મોહમ્મદભાઈ સમા કે જેઓને કારના વેચાણ મામલે એપ્લિકેશનથી એક જાણકારી મળી હતી, અને બીનીતાબેન પટેલ કે જેઓએ પોતાની કાર મોટી ભાણુંગાર પાસે અકસ્માત ગ્રસ્ત બની હતી, અને બોનેટમાં નુકસાન થયું છે. જે કારને હાલ જામનગર ના એક ગેરેજમાં રાખવામાં આવેલી છે, તેમ જણાવે તેની સાથે વાતચીત કરી હતી, અને પાંચ લાખ દસ હજાર માં કારના વેચાણનો સોદો કર્યો હતો.

જેના ટોકન સ્વરૂપે તેમજ અલગ અલગ રીતે કુલ બે લાખ દસ હજારની રકમ બીનીતાબેનના એકાઉન્ટમાં મોકલી આપી હતી, ત્યારબાદ બાકીની ત્રણ લાખના રકમ આપીને કાર લઈ જવાની વાત થઈ હતી, પરંતુ બીનીતાબેને પોતાના પતિનું અવસાન થયું છે, તેમજ અન્ય જુદા જુદા કારણો દર્શાવી વાહનના કાગળો મોકલ્યા ન હતા, અને આખરે પોતાને કાર વેચવી નથી, તેમ જણાવી દીધું હતું.

જેથી કાર બ્રોકરે પોતાની બે લાખ દસ હજારની રકમ પરત માગતાં તે નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાથી આખરે મામલો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને કાર બ્રોકરની ફરિયાદના આધારે પોલીસે અમદાવાદની મહિલા બીનીતાબેન પટેલ સામે છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે, અને તપાસનો દોર અમદાવાદ સુધી લંબાવ્યો છે.

# ખીજડિયા પાસે કારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

જામનગર : જામનગર-રાજકોટ હાઈવે પર ખીજડીયા બાયપાસ પાસે બાતમીના આધારે એલસીબી પોલીસે વોચ ગોઠવી ઈકો કારમાંથી ઈંગ્લિશ દારૂના જથ્થા સાથે બે શખ્સને ઝડપી લીધા હતા અને ઈંગ્લિશ દારૂ તથા કાર સહિત રૂપિયા ૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે દારૂનો જથ્થો મોકલનાર મહેસાણા જિલ્લાના શખ્સની સંડોવણી ખુલતા તમામ સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

**દારૂની ૧૯૨ બોટલ અને કાર સહિત રૂ. ૬.૨૧ લાખના મુદ્દામાલ સાથે બેની અટકાયત, સપ્લાયરની શોધખોળ**

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના ખીજડીયા બાયપાસ પાસે એલસીબી પોલીસે ખાનગી રાહે બાતમી મળતા વોચ ગોઠવી હતી દરમિયાન અહીંથી જી જે. ૧૦ . ડી. આર. ૦૬૨૩ નંબરની કાર પસાર થતી હોય જેની તલાસી લેતા તેમાંથી રૂપિયા ૨.૧૧ લાખની કિંમતની ઈંગ્લિશ દારૂની ૧૯૨ નંગ બાટલી મળી આવતા કારમા સવાર લાલપુર તાલુકાના ઝાખર ગામના વિક્રમસિંહ ગૌતમસિંહ સોલંકી અને અર્જુનસિંહ મનુભા જાડેજાની ધરપકડ કરી ઈંગ્લિશ દારૂ ઉપરાંત ૪ લાખની કિંમતની કાર સહિત રૂપિયા ૬.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આ દારૂનો જથ્થો મોકલનાર મહેસાણા જિલ્લાના કટોસણ ગામના ઉપેન્દ્રસિંહ ઝાલા નામના શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી ઝડપી લેવા કમ્મર કસી છે.

# જામનગરના બેડી બંદરમાં સિલ કરેલ ફેક્ટરીમાંથી ૭.૫૦ લાખના સામાનની તસ્કરી

## ચોકીદારી કરતા બે સિક્યુરિટી ગાર્ડનું કારસ્તાન, બેંકના મેનેજરે ફરિયાદ નોંધાવી

જામનગર : જામનગરમાં બીડીબંદર રોડ પર આવેલી એક ફેક્ટરી, કે જે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા સીલ કરવામાં આવી હતી, અને ત્યાં સિક્યુરિટી ગાર્ડને મૂકવામાં આવ્યા હતા, જે બે સિક્યુરિટી ગાર્ડ અંદરથી રૂપિયા સાડા સાત લાખની માલમતા ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે.

જામનગરમાં દિગજામ સર્કલ વિસ્તારમાં રહેતા અને સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાની જામનગરની એક બ્રાન્ચમાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા સુનિલભાઈ બચુપ્રસાદ કૂર્મીએ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું છે કે બેડી બંદર રોડ પર આવેલી એક ફેક્ટરી બેન્ક દ્વારા સિલ કરાઈ છે, જેમાંથી રૂપિયા સાડા સાત લાખની માલમત્તાની ચોરી કરી લઈ જવા અંગે ખાનગી સિક્યુરિટી પેઢીના બે સિક્યુરિટી ગાર્ડ નીતીશકુમાર બદરીપ્રસાદ, તેમજ દિપક શેરસિંઘ સામે ફરિયાદ નોંધાવી છે.

જે બંને ગાર્ડ રાજસ્થાનના વતની છે, અને ઉપરોક્ત માલ સામાનની એક ચોરી કરી ટ્રકમાં લઈ ગયાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદી બ્રાન્ચ મેનેજર કે જેઓ દ્વારા બેડી બંદર રોડ પર આવેલી સિલ્વર પ્રોટેઈન પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ફેક્ટરી કે જે લોન ભરપાઈ કરી ન હોવાથી બેંક દ્વારા સીલ કરવામાં આવી હતી, અને તેના ઉપર બે સિક્યુરિટી ગાર્ડને મૂકવામાં આવ્યા હતા. જે સીલ કરેલી ફેક્ટરીમાંથી ગત ૮મી જાન્યુઆરીના રાત્રિના સમયગાળા દરમિયાન ઉપરોક્ત બંને સિક્યુરિટી ગાર્ડ નીતેશ કુમાર તથા દિપક શેરસિંહ કે જેઓ અંદર રાખવામાં આવેલી ૧૨ નંગ ઈલેક્ટ્રીક મોટર, ટ્રાન્સફોર્મર, તેમજ લોખંડનો સ્ક્રેપનો માલ સામાન વગેરે રૂપિયા ૭,૫૨,૦૦૦ ની માલમતા કે જે એક ટ્રકમાં ભરીને ચોરી કરી લઈ ગયા હોવાનું સીસીટીવી કેમેરા મારફતે ધ્યાનમાં આવ્યું હતું. તેથી આ મામલો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે અને રાજસ્થાનના બંને સિક્યુરિટી ગાર્ડ સામે પોલીસે ગુનો નોંધી બંનેની શોધખોળ હાથ ધરી છે.

# ભાણવડના ચોખંડા ગામે દેશી દારુનો આથો ઝડપાયો, આરોપી નહીં!



ભાણવડ : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં દારૂની બદીને ડામી દેવા પોલીસ સતર્ક બની છે. તાલુકાના ચોખંડા ગામે એક રહેણાંક મકાનમાં બાતમીના આધારે પોલીસે દરોડો પાડી રૂા.૨૦ હજારનો દારૂ બનાવવાનો કાચો આથો ઝડપી પાડયો હતો. જો કે, બુટલેગરને પોલીસની ગંધ આવી જતા તે ફરાર થયો છે. પોલીસે બનાવ અંગે તેની શોધખોળ આદરી છે.ભાણવડ પંથકમાં પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી તે દરમિયાન તાલુકાના . ચોખંડા ગામે રહેણાંક કાનમાં દારૂનો વેપલો ચાલતો હોવાની પોલીસને બાતમી મળી હતી જેથી પોલીસે સ્થળ ઉપર મકાનની અંદર તલાશી લીધી હતી.

ત્યારે મકાન અંદરમાંથી પોલીસને રૂા.૨૦ હજારની કિંમતનો દેશીદારૂ બનાવવાનો કાચો આથો ૧૦૦ લીટર મળી આવ્યો હતો. જો કે, નામચીન બુટલેગર હૈદર ગુલમામદ હાલા (રહે. ચોખંડા) ફરાર થઈ ગયો હતો જેને ઝડપી પાડવા પોલીસ શોધખોળ કરી રહી છે. કડછા સહિત ગિરીશભાઈ ગોજીયા, કેશુરભાઈ ભાટીયા, દરોડાની કાર્યવાહીમાં ભાણવડના પીઆઈ ચેતન દેસાઈ, પીએસઆઈ બી.કે. વેજાણંદભાઈ બેરા, કેશુરભાઈ ભાટીયા, જેસાભાઈ બેરા, કિશોરસિંહ જાડેજા સહિત રોકાયા હતા.

# જામનગરમાં આંબેડકર બ્રિજ નીચેથી પસાર થતા યુવાનનું ટ્રેન હડફેટે મૃત્યુ

જામનગર : જામનગરમાં રહેતો એક યુવાન રેલવે લાઈન પરથી પસાર થતી વેળાએ ટ્રેન હડફેટે ચડી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં રાજીવ નગર વિસ્તારમાં રહેતો અને મજૂરી કામ કરતો હરીશ મંગાભાઈ મકવાણા નામનો ૪૫ વર્ષનો શ્રમિક યુવાન આંબેડકર બ્રિજ નીચેની રેલવે લાઈન પરથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ટ્રેન હેઠળ આવી જતાં માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના કુટુંબી કુલદીપભાઈ દેવશીભાઈ મકવાણાએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના એએસઆઈ ટી. કે. ચાવડા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, અને આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મોબાઈલ પર ક્રિકેટનો સટ્ટો રમતો શખ્સ ઝડપાયો, બુકીની શોધખોળ

જામનગર : જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતો એક યુવાન જાહેરમાં મોબાઈલ પર ક્રિકેટ મેચનો સટ્ટો રમતો હોય જેને પોલીસે ઝડપી લઈ સાહિત્ય કબ્જે કર્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮ માં રહેતો અશોક તુલસીદાસ માવ નામનો ભાનુશાળી શખ્સ ગઈકાલે જાહેરમાં પોતાના મોબાઈલ ફોનની આઈ.ડી. મારફતે ભારત અને ન્યૂઝીલેન્ડની મેચ વચ્ચે રમાઈ રહેલી ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો હોવાનું ધ્યાનમાં આવતાં સિટી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડી તેને ઝડપી લીધો હતો, અને તેની પાસેથી રૂપિયા દસ હજારની કિંમતનો મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિતનું સાહિત્ય કબજે કર્યું છે. પોલીસની પૂછપરછ દરમિયાન પોતે જામનગરમાં રહેતા શંકરભાઈ ઉર્ફે સી.ડી. રામાણી નામના ક્રિકેટના બુકી સાથે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાનું કબૂલતાં પોલીસે શંકરભાઈને ફરારી જાહેર કર્યો છે અને તેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં એસઆઈઆરના મુદ્દે 'આપ' દ્વારા રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદન





જામનગર : સમગ્ર ગુજરાત રાજ્યભરમાં આમ આદમી પાર્ટી દ્વારા એસઆઈઆરના મુદ્દે તંત્ર સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જે મુદ્દો જામનગરમાં પણ ગાજયો છે, અને આમ આદમી પાર્ટીના સ્થાનિક કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને નોટિસ પાઠવવામાં આવી છે. આમ આદમી પાર્ટીના રાજ્ય પ્રમુખ ઈશુદાન ગઢવીએ પોતાના એડવોકેટ દ્વારા પાઠવેલી નોટિસની નકલ સાથે જામનગર જિલ્લાના પ્રમુખ રાજેન્દ્રસિંહ સોઢાની રાહબરી હેઠળ આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આજે રેલી યોજીને જામનગર જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી જઈને નોટિસ પાઠવી છે.

# દ્વારકા નજીક પ્રસ્તાવિત એરપોર્ટ પ્રોજેકટના વિરોધમાં ખેડૂતોનું પ્રાંત અધિકારીને આવેદન

## પ્રોજેકટને અન્યત્ર ખસેડવા તેમજ તાત્કાલિક ખેડૂતલક્ષી નિર્ણય કરવામાં નહિ આવે તો હાઈકોર્ટ સુધી લડી લેવાની અપાઈ ચિમકી







દ્વારકા : દ્વારકા નજીકના વસઈ તથા આસપાસના ચાર ગામોમાં યાત્રાધામ દ્વારકા માટે એરપોર્ટ નિર્માણના થોડા સમય પહેલા લેવાયેલ નિર્ણય બાદ શરૂ થયેલ પ્રાથમિક સર્વે અંગે ઉગ્ર વિરોધ બાદ ગઈકાલે અસરગ્રસ્ત ગામોના ખેડૂતોએ સૂત્રોચ્ચાર સાથે પ્રસ્તાવિત એરપોર્ટ પ્રોજેકટને અન્યત્ર ખસેડવાની માંગ સાથે દ્વારકા પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવી વસઈ-મેવાસા સહિતની ફળદ્રુપ જમીનને બચાવવા હાઈકોર્ટ સુધી લડત આપવાની ચિમકી ઉચ્ચારી હતી.

દ્વારકાના વસઈ નજીકના ચાર ગામોની જમીન પર પ્રસ્તાવિત એરપોર્ટ પ્રોજેકટનો વિરોધ વંટોળ દિન-પ્રતિદિન વધતો જતો હોય તેમ તંત્ર દ્વારા શરૂ કરાયેલ સરકારી જમીનો પરના પ્રાથમિક અને ત્યારબાદ ક્રમશઃ ખાનગી જમીનોના સર્વેની કામગીરી કરવાનો વિરોધ ઉઠયા બાદ ગઈકાલે વસઈ તથા મેવાસા ગામના ખેડૂતોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ સૂત્રોચ્ચાર સાથે એરપોર્ટ પ્રોજેકટને અન્યત્ર ખસેડવાની માંગ કરતું આવેદનપત્ર દ્વારકા પ્રાંત અધિકારી અમોલ આવટેને આપ્યું હતું. આ સાથે ખેડૂતોએ પૂર્વજો પાસેથી પ્રાપ્ત ખેતીની ફળદ્રુપ જમીનને ગુમાવવાની ભીતિ સાથે આ પ્રોજેકટને અન્યત્ર ખસેડવાની માંગ કરી હતી. સાથે જ આ જમીન પર એરપોર્ટ બનશે તો ફળદ્રુપ જમીન ધરાવતા ખેડૂતો ભૂમિહિન થઈ જશે અને આજિવિકા છિનવાશે તેવી રજૂઆત કરી ટૂંક સમયમાં આ અંગે ખેડૂતલક્ષી નિર્ણય નહિં લેવાય તો હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની પણ મૌખિક ચિમકી ઉચ્ચારી છે. પ્રાંત અધિકારીએ હાલના સર્વેની કામગીરીમાં ભૌગોલિક પરિસ્થિતિનો અભ્યાસ કરી તેનો રીપોર્ટ સરકારને સોંપાશે તેમ જણાવ્યું હતું.